# વિચાર-સંસ્કૃતિ.

**God is not God of those**
**Who are poor in spirit.**

—ન્યાયવિજય:

# વિચાર-સંસ્કૃતિ.

[પેપરોમાં પ્રકાશિત કતિપય લેખોનો સંગ્રહ.]

લેખક—

ન્યાયવિશારદ-ન્યાયતીર્થ

શ્રી-ન્યાયવિજયજી મહારાજ.

વીર સં. ૨૪૫૭ ] ધર્મ સં. ૯ [ વિ. સં. ૧૯૮૭

દ્વિતીય સંસ્કરણ.

પ્રતિ-સંખ્યા ૧૦૦૦

અમૂલ્ય.

પ્રકાશક—
શ્રીજૈનયુવક-સંઘ,
ઘડીયાળી પોળ, વડોદરા.

આ પુસ્તકના પ્રકાશનમાં કાલિયાવાડીનાં સદ્દગત
**શાહ રાયચંદ દુલભજીના** પુણ્યસ્મરણાર્થે
૭૫) રૂપીયાની મદદ કરનાર
**શાહ દેવચંદ મોતીચંદ, કાલિયાવાડી.**

વડોદરા.
લુહાણામિત્ર સ્ટીમ પ્રિં. પ્રેસમાં
એ. વી. ઠક્કરે છાપ્યું, તા. ૧૦-૬-૩૧

# લેખ–સૂચી.


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| સાંકળ વાડા ! ... ... ... ... | ૧ |
| પર્યુષણા ... ... ... ... ... | ૫ |
| પર્યુષણા સંબન્ધે કંઈક ! ... ... ... | ૧૨ |
| સાચું સાધર્મ્મિયવચ્છલ ... ... ... | ૨૨ |
| મહાવીર-જીવન પર કંઈક ... ... ... | ૨૯ |
| આસ્તિક–નાસ્તિકતા ... ... ... | ૪૧ |
| પણ એ શે મટે ! ! ... ... ... | ૫૬ |
| લીલવણી–સુકવણી વિષે ... ... ... | ૬૮ |
| ઓઘો ... ... ... ... ... | ૭૩ |
| પ્રશ્નોત્તરો ... ... ... ... ... | ૭૭ |
| ભવદેવની દીક્ષા ... ... ... ... | ૮૧ |
| ભગવાન્ મહાવીર સ્વામીનું અનેકાન્ત–દર્શન ... | ૮૭ |

# સાંકડા વાડા !

આજના જૈન યુવકોને ધાર્મિક દૃષ્ટિએ હું એ કહેવા માંગું છું કે, પરમ વીતરાગ મહાવીર દેવનું વિશાળ ધર્મક્ષેત્ર–તેમના શાસનનું વિશાળ મેદાન મૂકી કેટલાકો જે સાંકડા વાડામાં ભળી જાય છે તે એકદમ ગેરવ્યાજબી છે. તમે ગમે ત્યાંથી જરૂર સારો લાભ ઉઠાઓ–ગમે તે પુસ્તક દ્વારા જરૂર સારૂં જ્ઞાન મેળવો–જેમાં રસ પડે તે વાંચીને તેમાંથી સારી બાબત જરૂર ગ્રહણ કરો, પણ એમ કરતાં એટલું ધ્યાનમાં રાખવું જરૂરનું છે કે એથી મહાવીર દેવના શાસનનું મૂળ નિશાન ન ચૂકાવું જોઇએ. ગુણના રાગી અવશ્ય બનો, ગમે

ત્યાંથી ગુણ ગ્રહણ કરો અને કોઇ પણ ગુણીના ગુણને પ્રશંસો, એ શુભ અને સજ્જનોચિત છે; પણ એથી એ પરિણામ આવવું તો અનિષ્ટ જ ગણાય કે ધોરી માર્ગ કરતાં કોઈ માણસના કહેવાતા વાડાના 'અનુયાયી' થવુ ગમે. કેટલાક 'સુધારક' ગણાતાઓ પણ આ યુગમાં નોખા વાડાને પોષવામાં આનન્દ માને છે, એ ઓછા દુઃખની વાત નથી. એમાં મ્હોટે ભાગે તો દામ્ભિકતાનું જ સામ્રાજ્ય પ્રવર્તે છે. જ્યાં વાડાબન્દીને તોડવાની જરૂર છે ત્યાં સાર્વભૌમ સનાતન માર્ગથી જુદો વાડો નિર્માણ કરવો, અગર તેને પોષણ આપવાનો પ્રયત્ન કરવો એ વ્યાજબી ગણાય કે ?

આજની જૈન કોમની સ્થિતિ ગમે તેવી હોય અગર જૈન સમાજના આજના આચાર–વ્યવહાર ગમે તેવા હોય, પણ જૈન–દર્શનની મૂળ સંસ્કૃતિ તો સંસાર-ભરમાં નિરૂપમજ છે. વિશ્વવ્યાપી કલ્યાણી ભાવનાનું સામ્રાજ્ય ત્યાં પ્રવર્ત્તે છે. તેની દાર્શનિક તત્ત્વપ્રણાલી, તેની આચાર–યોજના, તેનો વ્યવહાર–ધર્મ અને તેનો આદર્શ વિશ્વના અખિલ ધાર્મિક–સાહિત્ય–સંસારમાં ઉત્કૃષ્ટ પદવી ભોગવે છે. પછી 'જિન' ભગવાનના અનુયાયી તરીકે પોતાને "જૈન" કહેવડા-વવામાં પુરતો સન્તોષ નથી શું કે અન્યના 'અનુયાયી' તરીકે પણ પોતાને મનાવવાનું મન થાય ?

કવિઓ તો એક એકથી ઉંચા થયા છે અને છે. સંસ્કૃત કાવ્ય-સાહિત્યમાં મહાકવિ ' કાલિદાસ ' વગેરેનું સ્થાન કેટલું ઉંચું છે. આજે ' ટાગોર ' જેવાઓ પણ ' કવિ ' તરીકે કેટલું ઉંચું માન ધરાવે છે. લેખકો પણ મહાન્ કોટીના આજે પણ હયાત છે. કોઈ પુસ્તક સરસ અને સુન્દર લાગતાં, મૂળ ' શાસન ' સાથે સીધો સમ્બન્ધ મૂકી દઇને તે પુસ્તકના લેખકના અનુયાયી પોતાને કહેવરાવવા તૈયાર થવું, અગર તે લેખકના કહેવાતા નોખા **' મિશન ' ના દફતરમાં પોતાનું નામ નોંધાવવું** એ હૃદયની નબળાઇ નહિ તો બીજું શું ગણાય !

આત્મ-દશા, પરમ વીતરાગ અર્હન્ દેવ શ્રીમહાવીરના શાસન-ભક્ત પૂર્વાચાર્ય-ઋષિ-મહર્ષિ-મહાત્માઓમાં કેટલે દરજ્જે હતી, એ પણ વિચારવું ઘટે. વિશ્વવિદ્યામહોદધિ હેમચન્દ્રાચાર્ય જેવા મહાપુરૂષો ધારત તો જુદું મિશન, જુદો વાડો અવશ્ય સ્થાપી શકત. તેઓ સ્વતંત્ર સંપ્રદાય સ્થાપન કરી તેના ' ઇશ્વર ' તરીકે સ્વયં પૂજાવા સમર્થ હતા. પણ તેમને તે અનિષ્ટ હતું. તેઓ તો પરમ્પરાગત વિશુદ્ધ સનાતન ' શાસન '-માર્ગનેજ પ્રકાશિત-પ્રફુલ્લિત કરવાની મનોભાવનાવાળા હતા. તેમના ભક્ત રાજામહારાજાઓને તેઓ સ્પષ્ટ જણાવતા કે " તમે અને હું-

"આપણે બધા એક જ વીતરાગ દેવના અનુયાયી છીએ. જે તમારો ભગવાન્ છે તેજ મારો પણ છે. આપણે બધા એકજ મહા–પ્રભુના સેવકો છીએ." આવું ઉદાર મન જ્યાં હોય, સત્ય તત્ત્વો પર જ જ્યાં પક્ષપાત હોય, વિશુદ્ધ આત્મકલ્યાણની જ જ્યાં મનોદશા હોય ત્યાં નોખો વાડો બાંધવાનો દંભ સેવાય જ કેમ !

આત્મ–દશાની હદ પણ આજે વધુમાં વધુ ષષ્ઠ–સપ્તમ ગુણસ્થાન સુધી જ છે. તેમાં અધિકાંશ ષષ્ઠ–જીવન છે, સપ્તમ–જીવન અલ્પ અંશે જ. પણ એ વિષેના કોઇના કેવલ યશઃપ્રવાહ પર સટ્ટો ન ખેલાય. મુમુક્ષુ જીવ પર પ્રમોદ થવો એ સારી વાત છે. પણ એના પરનો ભક્તિરાગનો અતિરેક વિવેક–દષ્ટિ પર પડદો નાંખનાર બની જાય છે અને, વધારે પડતું મહત્ત્વ આપવાની કે ફેલાવવાની ઘેલછામાં તણાઇ જવાય છે એજ ખોટું થાય છે. ભક્તિ કે પ્રેમ–દષ્ટિનું ઔચિત્ય વિવેક–દષ્ટિને આવૃત ન થવા દેવામાં છે.

# પર્યુષણા.

પજુસણ આવે ત્યારે જૈનોનાં હૃદયો આનંદથી ઉછળવા માંડે છે. તે દહાડે તેઓ સારાં સારાં કપડાં પહેરશે, ઘરેણાં–ગાંઠાં લગાવશે, હરખતે ચહેરે દેરાસર અને વ્યાખ્યાને જશે, કદી પ્રતિક્રમણમાં નહિ જનારા પણ તે દહાડે પ્રતિક્રમણ કરવા જશે, 'સંવત્સરી' પડિક્કમણામાં તો કોકજ બાકી રહેતો હશે. તે દિવસો-માં વરઘોડા નિકળશે, પૂજાઓ ભણાશે, પ્રભાવના-ઓ થશે અને જમણ પણ ઉડશે. આ બધો ધૂમ-ધામ પર્યુષણા પર્વના મહિમાને આભારી છે. નિર્દોષ આનંદની સામે તો કોઇનો વાંધો ન હોય. પણ

ખાસ કરીને એ મહાન્ પવિત્ર દિવસોમાં આત્મશુદ્ધિ કરવાનું ફરમાન છે. બારે બારે મહીને એ સ્વર્ગીય ' ગંગા ' આપણી વચ્ચે આવી ઉતરે છે. એમાં સ્નાન કરી આત્મશુદ્ધિ મેળવવાની છે. એ ન કરાય તો એ ' ગંગા 'નું અપમાન થાય. વરસે વરસે એ પર્વ–દેવ આપણી સામે આવીને ખડો થાય છે; અને, પરમાત્મા અર્હન્ દેવનું આદર્શ જીવન શ્રવણ કરીને અને ધાર્મિક ક્રિયામાં પ્રવેશ કરીને આત્મમલનું પ્રક્ષાલન કરવાનો દિવ્ય સન્દેશ આપણને સુણાવી જાય છે. એ સન્દેશને આજ લગી આપણે કેટલો ઝીલ્યો છે ? એનો વિચાર કદી આવે છે વારૂ ! આપણા વિચાર–પ્રદેશ અને વર્ત્તન–વ્યવહારમાં આટઆટલાં પર્યુષણોની કંઇ પણ દીપ્તિ પ્રવેશવા પામી છે કે ? દિવસે દિવસે ઉજ્જ્વળ થવાને બદલે વધુ કાળા તો નથી થતા જતા ને ? એક ઇંચ આગળ વધવાને બદલે પચાશ હાથ પાછળ તો નથી ખસતા જતા ને ? આટ-આટલાં પજુસણો વિતાવવા છતાં પણ આપણું અધઃ-પતન ન અટકે એ શું ? કંઈ વિચાર આવે છે ? ખૂબ સમજી રાખો કે પર્યુષણ પર્વનું મુખ્ય આરાધન હૃદય-શુદ્ધિ સંપાદન કરવામાં છે. એ વગર કોરી ધામધૂમ-થી તો કોનો દાડો વળ્યો છે ! ગાડરીયા–પ્રવાહે તો અનેક પજુસણો વિતાવ્યાં, પણ હવે સમજુઓએ જાગૃત થઇ વિધિપુરસ્સર પર્યુષણ ઉજવવાં જોઇએ.

વિધિ તમને શું બતાવું ! તમે સ્વયં સમજી શકો છો કે, આજે જૈન સમાજનું બાહ્ય અને આંતર સ્વરૂપ કેવી વિકૃત દશામાં આવી ગયું છે. પૂજા–પ્રભાવનાઓ અને સામાયિક–પ્રતિક્રમણો કરવા છતાં વેર–ઝેરની અને ઝઘડાની લ્હાય ઠંડી ન પડે અને સાહમિવચ્છળ કરવા છતાં કોમની ભૂખ ન ભાંગે તો પછી તેની કિમ્મત કેટલી ? આ બધું ઠંડે પેટે વિચારવાનું છે. બીજી કોમો તો આજે સંગઠન કરી, અનુકૂળ સાધનોનો લાભ લઇ પોતાની ઉન્નતિ સાધતી જાય છે, ત્યારે શું આજે જૈન કોમજ એક એવી કમનસીબ કોમ છે કે જેનું દિવસે દિવસે પતન થઇ રહ્યું છે ! આ હું જ કહું છું એમ નથી, પણ દેશના રાજદ્વારી અને આગેવાન પુરૂષો પણ જૈનોની આ કમબખ્તી જોઇ રહ્યા છે. હિન્દના નૂતન રાજબન્ધારણની રૂપરેખા રજુ કરતા ' નેહરૂ–સમિતિ 'ના રિપોર્ટમાં વસ્તી–સંખ્યા અને ચુંટણીના અધિકાર વિષેના એક પ્રકરણમાં જણાવેલું કે, આખા હિંદુસ્તાનમાં બીજી જાતિઓ સંખ્યામાં દિવસે દિવસે વધતી જાય છે, ત્યારે હિંદુ કોમ અને જૈન કોમની સંખ્યામાં ઘટાડો થતો જાય છે. અહીં એ વિચારવાનું છે કે હિન્દુજાતિ કરોડોની સંખ્યામાં છે, એટલે તેનો સંખ્યા–હ્રાસ નજરમાં ન આવી શકે, પણ જૈન જેવી નાનકડી કોમને જે ક્ષય–રોગ

વર્ષોથી લાગુ પડેલો છે તેની ભયાનકતા તો દુનિયાની નજરે તરી રહી છે. આ વિષેના પોકારો વર્તમાન પત્રોમાં અવારનવાર થયા કરે છે. જૈન આગેવાનો અને યુવકોનું ધ્યાન આ વસ્તુ તરફ ખેંચાવાની સખ્ત જરૂર છે. પર્યુષણા પર્વમાં જૈનો પોતાનો કર્ત્તવ્ય-માર્ગ સમજી લ્યે અને તેને અમલમાં ઉતારે તો એ પર્વાધિરાજ ખરેખરી રીતે ઉજવાયો ગણાશે.

*　　　*　　　*

પર્યુષણા પર્વનું માહાત્મ્ય ‘પર્યુષણા’ શબ્દમાંજ ઝળકી રહ્યું છે. એ શબ્દજ એ પર્વાધિરાજની આરાધના-ની દિશા બતાવી રહ્યો છે. અન્તરાત્માના વિશુદ્ધ ભાવમય ઉદ્યાનમાં વિહરવું–વસવું–રહેવું એ એ શબ્દ ( પર્યુષણા )નો લક્ષણસિદ્ધ અર્થ છે. સર્વ જીવોને અને ખાસ કરીને જેમની સાથે વૈર-વિરોધ થયા હોય તેમને નમ્રભાવે, શુદ્ધ દિલથી ખમાવવા અને પોતે સ્વચ્છ :આશયથી ખમવું એ જૈન પર્વની અસાધારણ વિશિષ્ટતા છે. આજે તો ખમત-ખામણાની એક રૂઢિ થઇ પડી છે. અને એ વિનોદ અને ગમ્મતનો વિષય થઇ પડયો છે. એની પાછળ પોસ્ટખાતાને પણ ખૂબ કમાણી થાય છે. પણ પર્યુષણનું વાસ્તવિક

આરાધન તો વૈર-વિરોધની વૃત્તિઓ ખંખેરી હૃદય શુદ્ધિ કરવામાં અને મૈત્રીભાવ કેળવી સદાચારી જીવન સમ્પાદન કરવામાં છે. શ્રીભગવાનનું ફરમાન છે કે—

"खमियव्वं खमावियव्वं उवसमियव्वं उवसमावियव्वं। जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा। तम्हा अप्पणा चेव उवसमियव्वं। से किमाहु भंते? उवसमसारं खु सामण्णं"।

( કલ્પસૂત્ર )

અર્થાત્—ખમવું અને ખમાવવું, ઉપશમવું અને ઉપશમાવવું. જે ઉપશમે છે તે આરાધક છે અને જે ઉપશમતો નથી તે આરાધક નથી. માટે સ્વયં પોતે ઉપશમવું. ભગવન્! આનું શું કારણ? કારણ એ કે-ઉપશમ એજ વિરતિ-જીવનનો સાર છે.

તે દહાડે આ ભગવદાજ્ઞા મુજબ મુનિઓ અન્દર અન્દર જો સાચા દિલથી એક-બીજાને ખમાવે તો

કેટલો બધો લાભ થાય! ધર્મ–સંસ્થાના ખરા થાંભલા તેઓ છે. શુદ્ધ ખમતખામણાંથી તેમનાં હૃદય જો નિર્મળ થાય અને તેઓ જો એક–બીજા પ્રત્યે નિર્મળ પ્રેમની જ્યોત પોતાના અંતઃકરણમાં પ્રગટાવે, તો તેમની–સાધુસંસ્થાની કેટલી ઉન્નતિ થાય ! તેમના અહિંસક જીવનની સ્હામા માણસો ઉપર કેટલી સુન્દર અસર થાય ! અને તેમનું ચારિત્રમય જીવન ગૃહસ્થ–સંસાર પર કેવું અજવાળું નાખે ! વૈર–વિરોધના ભડકામાંથી સાધુઓ પોતે જો બહાર નિકળી જાય તો તેઓ ગૃહસ્થ–સંસાર પર મહાન્ ઉપકાર કરી શકે. ગૃહસ્થ–સંસારના કલહાનલ પણ તેમની પ્રશમ-મયી જીવન–પ્રભા આગળ મન્દ પડી જાય. સંસારના કલ્યાણ માટે ત્યાગી જીવન મહાન્ આશી-ર્વાદરૂપ છે. એ અખંડ જ્યોત એવી છે કે અનાદિ–જન્માંધને પણ દેખતો કરી દેનારી છે. સર્વ ધર્મશાસ્ત્રો ત્યાગી જીવનની ગુણ–ગાથાઓથી ભર્યાં પડયાં છે. સમય સમય પર મહાન્ આત્માઓએ જગત્ પર મહાન્ ઉપકારો કર્યા છે. આજે પણ સમય–ધર્મ ઓળખી દૂર દૂર દેશોમાં મુનિઓ જો વિચરણ કરે તો તેમની પ્રેમમયી જ્ઞાન–પ્રભાથી હજારો પારમેશ્વરી શાસનપદ્ધતિનો લાભ લેવા ભાગ્યશાલી થાય. જૈન-સંખ્યાનો હ્રાસ થવાનાં કારણોમાં આ પણ એક સબળ કારણ છે કે, મુનિ–વિહાર બહુ સંકુચિત થઇ

ગયો છે. સમ્યગ્જ્ઞાનધારી મુનિવરો આપસના વૈર–વિરોધને તિલાંજલિ આપી, ઉદાર મનથી શાસન–સેવા માટે કટીબદ્ધ થાય અને પોતાનો વિહાર–પ્રદેશ લંબાવી ધર્મપ્રભાવના વિસ્તારે અને જૈન જીવનને પ્રદીપ્ત કરે એમ જરૂર ઇચ્છીએ.

# પર્યુષણા સંબંધે કંઈક !

પર્યુષણા એ જૈનોનું મહાન્ પર્વ છે. બલ્કે જૈનોનાં બધાં ધાર્મિક પર્વોમાં તેનો અવ્વલ નંબર છે. ચાતુર્માસ શરૂ થતાં સાધુઓ અને શ્રાવકોનાં અન્તઃકરણોમાં જે આનન્દ પ્રગટે છે તે પર્યુષણા પર્વને અંગે છે–તેને અનુલક્ષીને છે. પર્યુષણાને અલગ કરી દઇએ તો ચાતુર્માસની સુગન્ધ કંઇ રહેતી નથી. શ્રાવકો સાધુઓને પોતાના ગામમાં કે શહેરમાં ચોમાસું રાખે છે–ચોમાસું રહેવા બોલાવે છે–દૂર દૂર જઇને પણ વિનંતિ કરી સાધુઓને ચોમાસું કરવા લાવે છે, એનું મુખ્ય કારણ પર્યુષણા પર્વને ઉજવવાની હોંસ છે.

સાધુની ઉપસ્થિતિમાં વ્યાખ્યાન–વાણીનું શ્રવણ થાય, પૂજા–પ્રભાવનાઓ થાય, ઉત્સવ મહોત્સવો થાય અને સુપનાં તથા ઘોડિયા–પારણાં વગેરેની ઉપજ પણ થાય, આ ભાવનાથી શ્રાવકો સાધુઓને પોતાના ક્ષેત્રમાં ચોમાસું રાખવા ઉત્સુક બને છે. એક મહીનો આડો હોય ત્યારથી પર્યુષણાનું સ્વાગત શરૂ થઇ જાય છે, અને એ દિવસ પણ 'માસધર' તરીકે પૂજાય છે; અને પંદર દિવસ આડા હોય ત્યારે તે દિવસ 'પક્ષધર' તરીકે પૂજાય છે. એ પ્રમાણે 'અઠાઇધર.' જ્યારે 'માસધર' વગેરે દિવસો માનનીય થઇ પડયા છે, તો પછી પર્યુષણના મહિમાનું શું પૂછવું ? આ ઉપરથી વાંચનાર એ પણ સમજી શકે છે કે, પર્યુષણ એ ફક્ત એકજ દિવસનું નામ છે, અને તે ભાદ્રપદ–શુકલા પંચમી અથવા ચતુર્થી. એટલાજ માટે એની પૂર્વેના સાત દિવસો પૈકી પહેલો દિવસ 'અઠાઇધર' કહેવાય છે. જેમ કોઇ રાજાની સવારી આવતી હોય ત્યારે હાથી, ઘોડા, છડી–ચામર, લશ્કર વગેરે લવાજમા આગળ હોય છે અને ત્યાર પછી સહુની છેડે રાજા આવે છે, તેમ ભાદ્રપદ–શુકલા પંચમી અથવા ચતુર્થી એ રાજરાજેશ્વરસદૃશ પર્યુષણા પર્વ છે અને તેની પૂર્વેના સાત દિવસો એ મહારાજાધિરાજ **પર્વાધિરાજ**-નો સાહિબીભરેલો ઠાઠ છે.

'પર્યુષણા' એટલે શું ? એનો સીધો અને સ્પષ્ટ

અર્થ એ છે કે, બાહ્ય જગત્માં યા મોહના મેદાનમાં વસવું મૂકી દઈ આત્મસ્વરૂપની શુદ્ધ દશામાં વસવું. આમ વસવું એ 'પર્યુષણા.' કેમકે 'પરિ' અને 'ઉષણા' એ બે શબ્દોના સહયોગથી 'પર્યુષણા' શબ્દ બનેલો છે. એમાં 'ઉષણા' નો અર્થ થાય છે વસવું; અને ઉપર કહ્યું તેમ વસવું એ અર્થ 'પરિ' બતાવે છે. આવા ઉચ્ચ અર્થવાહી પર્યુષણમાં પણ સ્થળે સ્થળે સંઘમાં કજીઆ–ટંટા ઉભા થાય છે, વર્ષ–દહાડાની તકરારો તે દિવસે ઉઠાવવામાં આવે છે અને કષાયવર્ધક પ્રસંગોને વધારે પોષણ આપવામાં આવે છે ! શું આ પર્યુષણા કહેવાય ! પર્યુષણાની આરાધના બીજાઓને ખમવા–ખમાવવામાં છે શુદ્ધ તપશ્ચર્યા કરવામાં છે અને ભગવાન્ અર્હન્‌ના આધ્યાત્મિક જીવન પર મનન કરી પોતાના જીવનનો વિકાસ સાધવામાં છે. તે પવિત્ર દિવસોમાં દરેક જાતની ખટપટોને તિલાંજલિ આપી દેવાની હોય અને પ્રશમ–વૃત્તિ કેળવીને આત્મશુદ્ધિ કરવાની હોય. એ દિવસોમાં કોઇની સાથે કલહ–કંકાસ ન કરીએ, કોઇનું બુરૂં ન ચિન્તવીયે, કોઈ પર દ્વેષ કે રોષ ન કરીએ, કોઈ ગાળો આપે તો શાંતિ રાખીએ-ક્ષમા ધારણ કરીએ. પર્યુષણા એ આધ્યાત્મિક પર્વ છે. એટલે એ આધ્યાત્મિક વિકાસ સાધવાનું ટાણું છે. તે દિવસોમાં અમારિ–પટહ વગડાવવાનું વિધાન છે. પરંતુ સહુથી પહેલાં પોતાનાજ

આત્મ-પ્રદેશોમાં અમારિ-પટહ વગડાવવાની જરૂર છે. સ્વયં-પોતે મનસા, વચસા અને કર્મણા અહિંસક બનવું જોઈએ છે. જ્યાં સુધી સ્વયં અહિંસક ન થવાય ત્યાં સુધી બીજાને અહિંસક કેવી રીતે બનાવી શકાય! વિચારમાત્રમાંથી જ્યારે હિંસા નિકળી જાય ત્યારે ખરી અહિંસક દશા પ્રાપ્ત થઈ ગણાય. પર્યુષણમાં આ દશા સમ્પાદન કરવાની છે. એ દિવસોમાં હલવાઇ વગેરેના ભઠ્ઠી-તાવડા બંધ રખાવાય અને પોતે ભઠ્ઠી-તાવડા માંડી જમણવાર-નોકારશી-સાહમ્મિવચ્છલ કરે એનો શું અર્થ ? આવા આરંભ-સમારંભ પર્યુષણમાં કરવાના ન હોય. "પજુસણ" સાથે જમણનો મેળજ બેસતો નથી. તપસ્યા સાથે જમણવારની કંઇ સંગતિજ થતી નથી. મિષ્ટાન્ન ઝાપટવાથી ઉપવાસ સારા થાય એ માન્યતા ભૂલભરેલી છે. દીવા જેવું ચોખ્ખું સમજી જઇએ કે સામુદાયિક જમણવારોના મહા આરંભ પર્યુષણાના શુભતમ દિવસોમાં માંડવા એમાં એ પર્વાધિરાજની વિરાધના અને વિડમ્બના સમાયલી છે. તપસ્યા પણ ગજા પ્રમાણે કરીએ. ગજા ઉપરવટ તપસ્યા કરી "વાહ વાહ"ની અભિલાષા સફળ કરવામાં એ તપસ્યાનું ફળ "વાહવાહ"માં પૂરૂં થઈ જાય છે. ઉપરાંત, દુર્ધ્યાનથી કર્મનાં ખાતાં બંધાય એ નોખાં. આળોટી-આળોટીને કે રખડી-ભટકીને

અશાન્તપણે દિવસ પૂરા કરવા અથવા ગામગપાટા હાંકીને કે શેત્રંજબાજી ખેલીને જેમતેમ વખત ગાળવો એ તપસ્યા ન કહેવાય, એ ઉપવાસ ન કહેવાય. દેખાદેખી માન–પૂજાના મોહે તપસ્યા ઘણી થાય છે. લીટે લીટે ટેવાઇ ગયેલી અજ્ઞાન–દશા પણ તપસ્યા કરાવે છે. આવી તપસ્યાની સાર્થકતા કેટલી ! એમાં આત્મ–શુદ્ધિનું તત્ત્વ ભાગ્યેજ હોય છે. ઉપવાસનું લક્ષણ તો એ છે કે જેમાં કષાયો, વિષયો અને આહારનો ત્યાગ કરાય. નહિ તો એ ખાલી લંઘનરૂપ છે. અસ્તુ.

પજુસણનાં વ્યાખ્યાનો મુકરર કરેલાં છે. એટલે દરેક પજુસણે એનાં એ વ્યાખ્યાનોનાં પારાયણ થયાં કરે છે. તે વખતે વ્યાખ્યાનના ઉપાશ્રયો શ્રોતાઓથી ઠઠ ભરાય છે. બબ્બે વખત વ્યાખ્યાનો થાય છે. વ્યાખ્યાન પણ લાંબાં હોય છે. સ્ત્રી–પુરૂષોના ઘોંઘાટ અને બાલ–બચ્ચાંઓના કલબલાટ વચ્ચે શ્રોતાઓ સાંભળે કે ન સાંભળે, સમજે કે ન સમજે, ડોલાં ખાય કે બગાસાં ખાય, પણ મહારાજ સાહેબને તો નીતરતે શરીરે મુકરર કરેલાં પાનીયાં ગણું ફાડી લબડધક્કે પૂરાં કરવાનાંજ રહ્યાં !

પણ શિક્ષિત મુનિઓ પર્યુષણાના દિવસોમાં નવ્ય પદ્ધતિએ ભાવવાહી વ્યાખ્યાનો કરી શકે છે,

અને શ્રોતાઓના મુડદાલ જીવનમાં ચૈતન્ય રેડી તેમને પ્રાણવાન્ બનાવી શકે છે. જૂની ઘરેડનાં શુષ્ક અને નિષ્પ્રાણ વ્યાખ્યાનો સાંભળી સાંભળીને સમાજ ઉબકી પણ ગયો છે. વિદ્વાન્ સાધુઓએ તો મહાવીર-સ્વામીના જીવનને વૈજ્ઞાનિક પદ્ધતિએ સમજાવવાની જરૂર છે.

ભદ્રિક લોકો મહાવીર સ્વામીના બાળ શરીર પર–જાતમાત્ર શરીર પર ઇન્દ્રોએ ઢોળેલા યોજન–મુખવાળા એક કરોડ અને સાઠ લાખ કળશોની વાર્તા સાંભળીને જરૂર પ્રસન્ન થાય; જાતમાત્ર ભગવાન્ના ડાબા પગના અંગુઠાથી 'મેરૂ' મહીધરનું કમ્પન સુણીને જરૂર પ્રફુલ્લિત થાય. પણ મહાવીરનું મહાન્ પ્રભુત્વ એવાં વર્ણનોમાં નથી સમાયું, એ તત્ત્વદર્શી બરાબર સમજી શકે. મહાવીરના જીવનમાં સહુથી વધારે મહત્ત્વપૂર્ણ વસ્તુ એમનો વીતરાગ–સંયમ છે, જેમાં એમની તપશ્ચર્યા, એમની ક્ષમા અને એમની સમાધિ તરફ તો તે વખતના એમનાથી વિરુદ્ધ દિશાના અન્ય તીર્થંકરો પણ હેબતાઇ ગયા છે. પણ ખેદની સાથે જણાવવું પડે છે કે પેલા ' સિદ્ધાર્થ ' વ્યન્તર અને ' ગોશાળ 'નાં વર્ણનો મહાવીર પ્રભુના મહત્ત્વપૂર્ણ જીવન–ગ્રન્થના વાંચનારને વિચિત્ર લાગ્યા વિના ન રહે. મહાવીરના શરીરમાં એ વ્યન્તર પ્રવેશ કરીને બોલે, પ્રશ્નોના જવાબ આપે, નિમિત્ત તથા

ફ્લાદેશ બતાવે અને ધમાલ મચાવે એ કેવી વાત ! એને લોકો "વળગાડ" જેવું કહી હસે તો એમાં શું આશ્ચર્ય ? ભગવાન્ ધ્યાનસ્થ છે પણ એમના શરીરમાં પ્રવેશ કરીને વ્યન્તર અદ્દશ્યપણે ધાંધલ મચાવે તો ધાંધલીયા ખુદ ભગવાન્ નહિ ગણાય કે ? કારણ કે, ઉપસ્થિત લોકોમાં સત્ય હકીકત કોણ સમજી શકે કે, 'આ બધા બખેડા કોઇ વ્યન્તરના છે, ભગવાન્ તો શાન્ત છે.' કદાચ કોઈ આ સત્ય હકીકત સમજે તો તો એ, ભગવાન્‌ને દુર્બળજ સમજે, કેમકે એ તો એમજ સમજે કે ભગવાન્ તો શાણા છે, પણ એમની અન્દરનો વળગાડ જ આ બધું કરી રહ્યો છે. એટલે એને મન તો એમજ સમજાય કે ભગવાન્ જો સમર્થ હોય તો એમને આ બલા હોય શાની !

ઇન્દ્રે એને ભગવાન્‌ની પાસે શા માટે રાખ્યો હતો ! ભગવાન્‌ના ઉપસર્ગોનું નિવારણ કરવા માટે કે ! પરંતુ ઉપસર્ગ વખતે તો એ હજરત ક્યાંય રફુચક્કર થઈ જાય અને પછી નકામી વખતે આવી હાજર થાય ! અને ભગવાન્‌નો મહિમા વધારવા જતાં નકામા બખેડા વધારી મૂકે ! આ એ ભોળા વ્યન્તર મહારાજની ભક્તિ ! 'કયા કામને માટે ઇન્દ્રે મને પ્રભુ પાસે રહેવા ફરમાવ્યું છે' એ વાતનું તો એ વ્યન્તરને ભાનજ નથી રહ્યું. એટલે એ ચપળીયા

ભાઇએ સૌધર્મેન્દ્રના શાસનનો અમલ નથી કર્યો એ તો સ્પષ્ટ જ છે.

ગોશાળની બેવકુફી અને તેનું પાગલપણું તો ટીકાઓમાં અને ગ્રન્થોમાં ખૂબજ વર્ણવાયું છે! પણ ગોશાળો જ્યાં ત્યાં ભગવાનના નામને આગળ કરીને લોકોનાં ઘર અને મહોલ્લાના મહોલ્લા સળગાવી મૂકે એ કેવી બેહુદી વાત! લોકોનાં ઘર અને મહોલ્લા બાળી નાંખનાર 'વ્યન્તર' દેવ પણ કેવો ગાંડો હશે! એમ તો પછી કોઈ પણ માણુસ ભગવાન્ના નામે શ્રાપ આપી દુનિયામાં પ્રલયકાળ વર્તાવી મૂકે! ગોશાળો એવો કયો તપોનિધિ હતો કે ભગવાન્ના નામે એનો શ્રાપ લગી શકે! એવો 'વિચિત્ર' માણુસ પણ ભગવાનનું નામ આગળ ધરી શ્રાપ આપવા માંડે અને એ સાચા પડે તો તો સંસારમાં ગજબજ મચી જાય. આવી બેહુદી બીના જીભ પર લાવતાં પણ મારા જેવાને તો સંકોચ થાય. આવી બાબત ભગવાનના નિષ્કલંક જીવન-ચરિત્રમાં શોચનીય ડાઘરૂપ ગણાય.

ગોશાળનાં આટઆટલાં અડપલાં, અટકચાળા અને ઉન્માદ, કે જેને લીધે ભગવાનને પણ બહુ બહુ ખમવું પડ્યું, એ જાણવા છતાંય એવાને તેજોલેશ્યા ભગવાને શિખવી એ અજાયબીભરેલી બીના છે. બીજા કોઇએ એવાને વિદ્યા શિખવી હોત તો લોકો

એ શિખવનારને એમજ કહેત કે, ' આવાને વિદ્યા દેતાં કંઈક તો વિચાર કરવો હતો. ન્હોતી ખબર કે એ કેવો નાલાયક છે ? ' પણ ભગવાને કયા હિસાબે સર્પને દૂધ પાયું હશે એનો ખુલાસો ટીકાકારો પણ નથી કરી શકયા. માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચારતાં, સંભવ છે કે, ભગવાનૂની માનસ પ્રકૃતિમાં દાક્ષિણ્ય-ગુણની માત્રા વિશિષ્ટ પ્રમાણમાં હોય; અને બીજું એ કે, 'ગોશાલ' ચિતરાયો છે તેવો 'ગાંડો' પણ શાયદ ન હોય.

ભગવાનના ચરિત્રમાંથી વિચારકોને અનેક વિચારનાં સ્થાનો પ્રાપ્ત થાય છે અને આજના નવ શિક્ષિતો તથા તર્કશક્તિવાળાઓને અનેકાનેક જિજ્ઞાસાઓ ઉભી થાય છે. તેનાં સમાધાન લીટેલીટે ચાલનાર લકીરના ફકીરોથી થવાં મુશ્કેલ છે. કેટલીક વસ્તુઓમાં માનસ-શાસ્ત્રની શૈલીથી વિચાર કરવો પડે છે, કેટલીક બાબતોમાં તે દેશ, તે કાળ, તે સમય અને તે પરિસ્થિતિ ઉપર દૃષ્ટિપાત કરવાનો હોય છે અને કેટલીક વાતોમાં ' પાડોશીની હવા તો નથી લાગી ગઇ ? ' એ વિચારવું પડે છે. આ બધું કામ વિશાલબુદ્ધિધારક વિશિષ્ટ અભ્યાસીઓનું છે. એવા શ્રદ્ધાસમ્પન્ન વિદ્વાનોની વિચાર-ગવેષણા જે પ્રકાશ નાખી શકે તે બહુ વજનદાર અને મહત્ત્વપૂર્ણ હોય. લગભગ અઢી હજાર વર્ષ ઉપરની ભાવનાઓનું અને પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવું એ કંઇ સહજ

નથી–બહુ દુષ્કર છે. અને તે કોરાં કલ્પસૂત્રનાં પાનીયાં વાંચી જનારાઓથી ન થઇ શકે. તેમને જો પૂછવામાં આવે કે, " માન્યું કે, અર્હન્ ક્ષત્રિયાદિ ઉચ્ચ કુલમાં જ ઉત્પન્ન થાય, બ્રાહ્મણાદિ કુળમાં ઉત્પન્ન ન થાય; પણ હવે જ્યારે પ્રભુ દેવાનન્દાના ઉદરમાં સ્વયમેવ આવી જ ગયા છે, તો પછી તેમને ત્યાંથી ઉઠાવી બીજે સ્થળે સ્થાપન કરવા અને એક નિરપરાધિની બ્રાહ્મણીનું સર્વસ્વ–ધન લૂટી લઈ, તેણીને ખામોખામ જાણીબુઝીને શોકસાગરમાં છાતી કુટતી ધકેલી દેવી એનો અર્થ શું ? શું દેવાનન્દાની કુક્ષિમાંથી નિકળતાં ' મહાવીર ' મહાવીર મટી જાત ? તેમનું પ્રભુત્વ ચાલ્યું જાત ? શું બગડી જાત કે તેમને, દેવાનન્દાની કુક્ષિમાં સહેજે આવી ગયા છતાં તેણીની પાસેથી ઉઠાવી લીધા ? સ્ત્રીની ( ' મલ્લી ' કુમારીની ) તીર્થંકરતા જેવી મહાન્ બાબત પણ આશ્ચર્ય રૂપે ગણીને પણ નોંધાઇ ગઈ, તો પછી મહાવીરસ્વામીનો બ્રાહ્મણકુલોદ્ભવ ન નભાવી લેવાત કે ? સુતરાં ( અચ્છેરા રૂપે પણ ) નભાવી લેવાત ! " તો એના જવાબમાં તેઓ જૂની લકીર પીટતા આવ્યા છે તે જ પીટવાના. ખૈર, મહાવીર સ્વામીના જીવન–ચરિત્રની બાબતો પર આલેખન કરવાનું સાંપડતાં વધુ નિર્વચન કરવાની આશા રાખવી અસ્થાને નહિ ગણાય.

# સાચું સાહમિવચ્છલ

આજના નોકારશી કે સાહમિવચ્છલનો અર્થ કંઇજ સમજાતો નથી. એ જમણોમાં કયાંય સાહમિવચ્છલની છાયા પણ દેખાતી નથી. સહધર્મી ભાઇઓનું પ્રેમભર્યું વાત્સલ્ય કરવાની એક પણ ઉર્મિ આજે એ સાહમિવચ્છલના પેટમાંથી સ્ફુરતી નથી. સાપ ગયા ને હવે તો માત્ર લીસોટાજ રહ્યા હોય એમ સ્પષ્ટ દેખાઇ આવે છે. એમાં વપરાતો પૈસો કંઇ પણ ઉગી નિકળતો હોય એ માનવામાં આવતું નથી. બીજાં સ્થળોની વાત કયાં કરીએ, મુંબઇ જેવાં સુધરેલ શહેરોના જમણવારો પણ કેટલી બધી

શોચનીય દશા ધરાવે છે, એ એના અનુભવીઓને શું જણાવવાનું હોય ? અંધાધુંધી, હાડમારી અને રસાકસીનો ત્યાં પાર નથી હોતો. મલિનતા, ગંદકી અને એઠવાડ સંબંધી તો વાત જ શી કરવાની ! એટલો બધો એઠવાડ પથરાય અને ગટરમાં પધરાવાય કે જેમાં અસંખ્ય કીડાઓ ખદબદતા હોય ! અનંત જીવોની ચોખ્ખી હાણુ ! ધર્મના નામે કરાતા જમણુવારોની આ દુર્દશા ! આવા જમણુવારોને ધાર્મિક જમણુવાર કોણુ કહે ! આવી નોકારશીઓથી પાપનાં ખાતાં સિવાય બીજું શું પુણ્ય બંધાવાનું હતું ! વિચારકો જરા ધ્યાન આપે ! આવાં જમણોને સાહમિવચ્છલનું નામ આપવું એ ખરેખર કાળી વસ્તુને સફેદ કહેવા બરાબર છે. આવાં જમણો પાછળ હિંદુસ્તાનના જૈનોના વરસે વરસે લાખો રૂપીયા વેડફાય છે એ ઓછા દુઃખની વાત નથી.

'સાહમ્મિય' એટલે સાધર્મિક. એક રીતે 'જૈન'-પરમ્પરાવાળા સાધર્મિક છે. બીજી રીતે મનુષ્યમાત્ર સાધર્મિક છે. અને ત્રીજી રીતે પ્રાણી માત્ર સાધર્મિક છે. જેમનો ધર્મ સમાન તે સાધર્મિક. અહિંસા અને સત્યનો ધર્મ મનુષ્ય-માત્રને સમ્મત છે એટલે એ દૃષ્ટિએ મનુષ્યમાત્ર સાધર્મિક છે. આત્માનો સચ્ચિદાનન્દ ધર્મ પ્રાણીમાત્રમાં સ્વરૂપતઃ

મૌજૂદ છે. એટલે એ હિસાબે 'નિગોદ' સુદ્ધાં જીવો સાધર્મિક છે. 'વાત્સલ્ય' (વચ્છલ્લ) એટલે તેમના વિષે હિતાચરણ-વૃત્તિ, ભલું કરવાની લાગણી.

દેશ, કાળ ઓળખીને સાહમિવચ્છલ કરવાની પ્રણાલી અખત્યાર કરાય તો વિશેષ લાભ થાય. જે રીતે સમાજને વધારે લાભ પહોંચે અને શાસનની વિશેષ ઉન્નતિ થાય તે રીતનું સાહમિવચ્છલ જ વાસ્તવિક રીતે ઉપયોગી ગણાય. એટલે ખરી રીતે

## સાહમિવચ્છલ તો એ છે કે-

સીદાતા ગરીબ બંધુઓને સહાયતા આપી રસ્તે ચઢાવવા; સાહમિવચ્છલ તો એ છે કે, વેપારધંધા વગરના કે લાઇન વગરના આત્મબંધુઓને વેપારધંધે યા કોઇ લાઇનપર ચઢાવી ધર્મમાં સ્થિર કરવા; સાહમિવચ્છલ તો એ છે કે, અશક્ત વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ (સ્કોલરશિપ) આપી-અપાવીને તેમને વિદ્યાભ્યાસમાં આગળ વધારવા; સાહમિવચ્છલ તો એ છે કે, બીમાર-રોગી-માંદાઓની માવજત અને સેવાશુશ્રૂષા માટે મ્હોટા પાયા પર ઔષધાલયો કે ચિકિત્સાલયો ખોલવાં; સાહમિવચ્છલ તો એ છે કે, બાઈઓના લાભ માટે પ્રસૂતિગૃહો ઉઘાડવાં; સાહમિવચ્છલ તો એ છે કે, સમાજની અંદર ઉચ્ચ કેળવણી

અને ઉત્તમ શિક્ષાનો પ્રચાર કરવાના હેતુએ મ્હોટાં મ્હોટાં વિદ્યાલયો, જ્ઞાનમન્દિરો, ગુરૂકુળો સ્થાપન કરવાં; સાહમિવચ્છલ તો એ છે કે, સમાજમાં ઉચ્ચ જ્ઞાન અને ચારિત્રથી વિભૂષિત એવા બલવાન્ આત્માઓ તૈયાર કરવા માટે મહાન્ બ્રહ્મચર્યાશ્રમો ખોલવાં; સાહમિવચ્છલ તો એ છે કે, વિધવા બ્હેનોનાં કલ્યાણ ખાતર પવિત્ર વનિતા–મંદિરો ઉઘાડવાં; આ બધાં સાહમિવચ્છલ છે. દ્રવ્ય–વ્યય કરવાના આ પરમ પવિત્ર માર્ગો છે. આવાં ક્ષેત્રોમાં કરાતો દ્રવ્યવ્યય–આવાં ક્ષેત્રોમાં વાવેલું ધન પુણ્યાનુબંધી પુણ્ય પેદા કરે છે. આજે સમાજની કફોડી સ્થિતિનો વિચાર કરતાં ઉપર કહ્યાં એવાં સાહમિવચ્છલો કરવાની સખ્ત જરૂર છે. **એક ટંક કે બે ટંક લાડવા પીરસી દેવામાં કંઇ સાહમ્મિવચ્છલ સમાયું નથી.** જમણવારમાં આવનારા કંઇ દાળ–રોટી વગરના હોતા નથી, કે તેમને જમાડવામાં પુણ્યના થોક બંધાય. અને એક–બે ટંક જમાડી દેવાથી કંઇ દુખિયાનું દારિદ્રય ફીટતું પણ નથી.

એક માત્ર સાહમિવચ્છલનું ખરૂં સ્વરૂપ સમજાઇ જાય તો સમાજની ઉન્નતિનો માર્ગ સરળ થઇ જાય. એક સાહમિવચ્છલમાંજ સમાજની ઉન્નતિના તમામ માર્ગોનો સમાવેશ થઇ જાય છે. આજે સંઘ કાઢવાની દિશાએ પણ દ્રવ્યવ્યય જરૂરી નથી. આજે તો

એકલો-ડોકલો પણ "સમ્મેતશિખરજી" સુધીની જાત્રા કરી આવી શકે છે. જ્યાં સંઘનાં અંગોપાંગજ ગળતાં જતાં હોય, જ્યાં સમાજ માંદગીની પથારીએ પડયો હોય, ત્યાં તેના આરોગ્ય માટે સમુચિત ઉપાયો તરફ ધ્યાન નહિં આપતાં 'સંઘ' આદિમાં હજારો-લાખો રૂપિયા વહેવરાવવા એ કયાંની બુદ્ધિમત્તા !

સમાજના સરદારોને શાંત ચિત્તે વિચાર કરવા વિનવીશ કે હમણાં સંઘો કે ઉજમણાં અને લગ્નાદિના આડંબરી ખર્ચાળ ઉત્સવો બંધ રાખી તેમાં ખર્ચવાનો સો સામાજિક ભાઇ-બ્હેનોના ઉપકારમાં, વિદ્યાનો ફેલાવો કરવામાં અને આદર્શ બ્રહ્મચારીઓ ઉત્પન્ન કરવામાં જો ખર્ચાય તો સમાજને અને ધર્મને કેટલો ફાયદો પહોંચે ! સંઘ, જમણ કે ઉજમણાંના આડંબર થોડો વખત બંધ રહેશે તો એથી કંઈ ધર્મને ધક્કો નથી લાગવાનો, પણ સમાજની અંદર ઘુસેલા ઝેરી કીડાઓ, જે ધર્મને ફોલી ખાઇ રહ્યા છે, તેનો નિકાલ કરવા માટે જો પ્રયત્નો નહિ ઉઠાવાય તો ભવિષ્યમાં શું પરિણામ આવશે એ વિચારકોને શું બતાવવાનું હોય ! પારસી ન્હાની કોમ છે, છતાં દુનિયામાં તેનું કેટલું માન છે ! તે કોમ કેવી તેજસ્વી દેખાય છે ! એનું કારણ સ્પષ્ટ છે કે, તેમનામાં કોમી લાગણીના ભાવ પૂરજોશમાં વહે છે.

પોતાની કોમના કલ્યાણુ માટે તેમની જબરદસ્ત સખાવતો કોનાથી અજાણી છે ! ત્યારે જૈનો આજે ક્યાં ઉંઘે છે ! તેમની કોમ દિવસે દિવસે વધારે નબળી પડતી જાય છે, એ તરફ જૈન નેતાઓનું ધ્યાન કેમ નહિ જતું હોય ! કેળવણી વગર તેમના ગરીબ બાળકો ટળવળે છે, એ તેઓ કેમ નહિ જોતા હોય ! હુન્નર–ઉદ્યોગના અભાવે તેમના યુવકો આમતેમ આથડી દરિદ્ર જીવન વિતાવે છે, એ તેમની નજરે કેમ નહિ આવતું હોય ! જૈન–બેંકના અભાવે તેમની ધાર્મિક ધનરાશિનો દુરૂપયોગ થાય છે, એ તેઓ કેમ નહિ સમજતા હોય ! દેરાસરોને શણુગારવામાં અને સમૃદ્ધિશાલી બનાવવામાં તેમને જે રસ આવે છે, તે રસ, સમાજમાં વિદ્યાનો વહેળો વહેવડાવવામાં જયારે આવે, અને તે રસ, જૈન પહેલવાનોની સંસ્થા ઉભી કરવામાં આવે, ત્યારેજ માની શકાય કે, જૈનો વીસમી સદીમાં જીવે છે અને તેમણે સમયધર્મ પીછાણ્યો છે, અને ત્યારેજ માની શકાય કે તેમનાં અંતઃકરણોમાં કોમી લાગણીના ભાવ સ્ફુરાયમાન થયા છે, અને શાસનસેવાનું મહત્વ તેઓ સમજ્યા છે. દેરાસરોના ભંડારો ગમે તેટલા ભરાય પણ તે કોમના કલ્યાણુ માટે શા કામના ! કોમ ઉલ્કાપાતથી બળી રહી હોય તે વખતે પણ તેને સારૂ તે ભંડારોની એક કોડી પણ નકામી સમજાણી.

છે, ત્યાં પછી એવા ભંડારો વધારવાની જરૂરજ શી છે ! ભાવિકોએ પોતાની મનોદશા પલટાવવાની જરૂર છે, અને ' સાધારણ ' ક્ષેત્રમાં પૈસો વેરવાની આવશ્યકતા છે. હું તો ત્યાં સુધી પણ કહીશ કે દેરાસરોમાં મુખ્યતયા એક 'સાધારણ' ક્ષેત્રનોજ ભંડાર જોઇએ. તેમાંજ સઘળી ધનરાશિ સંચિત થાય. તેમાંથી જ દેરાસર, મૂર્ત્તિ અને કેળવણી–શિક્ષા આદિનાં કાર્યો સધાય. વાંચનાર વિચાર કરી શકે છે કે, એકલા પર્યુષણ પર્વમાંજ હિંદુસ્તાનના જૈનોનો પૈસો દેરાસરોમાં કેટલો ઠલવાતો હશે ! એ મહાન્ ધનરાશિ જો સમાજના કલ્યાણ–ક્ષેત્રમાં ઠલવાય તો સમાજનું અને શાસનનું કેટલું ભલું થાય ! દેરાસરો સાથે વળગાડાતી એ બધી મહાન્ શ્રી–સમ્પત્તિ વીતરાગદેવની તો હોઇ જ ન શકે, પણ વીતરાગ–મૂર્ત્તિને પણ–જે વખતે વીતરાગનું શાસન અને તેનો ભક્ત સમાજ નિસ્તેજ, નિર્બળ અને ક્ષયપીડિત થતાં ચાલ્યાં હોય–શું શોભાસ્પદ હોય !

# મહાવીર-જીવન પર કંઈક*

(૧) ભગવાન્‌ની દેશના ભાષામાં હોવામાં સ્વાભાવિકતા છે, અને એમાંજ એનું ખરૂં ગૌરવ સમાયું છે. પૌરૂષેય કરતાં અપૌરૂષેય પ્રવચનનો દરજ્જો ઉંચો માનવામાં કંઈ વજૂદ નથી. બલ્કે કોઇ પણ મહાન્ ઉપદેશને અપૌરૂષેય માનવા કરતાં પૌરૂષેય માનવામાં વિશેષ ઔચિત્ય છે. પૌરૂષેય વાણીજ જગત્‌ને શ્રદ્ધેય અને આદર્શરૂપ બની શકે છે.

---

* "મહાવીર-જીવનના મહિમા સંબંધે" પંડિત બેચરદાસે રા. લાલનને આપેલ ઉત્તર વિષે કંઇક નિવેદન.

( ૨ ) ભગવાન્‌ને ‘ દ્વૈમાતુર ’ ન વર્ણવતાં ‘ત્રૈશલેય’ આલેખવા. શ્વેતામ્બર-વર્ણિત ગર્ભાપહરણની હકીકત પાદ-ટીકામાં ( ફુટ-નોટમાં ) મૂકવી. સાથેજ તેના સમર્થનમાં મળી આવતાં યોગ્ય પ્રમાણો પણ નોંધવાં. ઉદાહરણાર્થ—મથુરાના કંકાલી ટીલાની નીચેથી નિકળેલ કુષાણવંશીય ‘ કનિષ્ક ’ મહારાજાના સમયનું એક પાષાણ-ચિત્ર. આ પાષાણ-ચિત્ર ઉપરથી ગર્ભાપહરણના મન્તવ્યની પ્રાચીનતા સમજાવી દુર્ઘટ નથી. આજનું ‘ સાયન્સ ’ પણ એ બાબતમાં બંધબેસતી રીતે રજુ કરવું વધુ ઉપયોગી થઇ પડે.

( ૩ ) ભગવાન્‌ને વિવાહિત નોંધવા. ફુટ-નોટમાં દિગમ્બર-મત મૂકવો.

( ૪ ) દેશનાની નિષ્ફળતા સફળતા બતાવવા કરતાં “ આચારાંગ ” ની શૈલી પ્રમાણે મૂકવું. આ વિષે આચાર્ય *હેમચન્દ્રનું અને એમની અગાઉના ગ્રન્થકારોનું તથા “આવશ્યક-ચૂર્ણિ”નું પણ એમ લખવું છે કે પ્રાથમિક પરિષદ્‌માં સર્વવિરતિને યોગ્ય કોઇ ન હોવાનું જાણવા છતાં ભગવાને “ કલ્પ ” છે એટલા માટે દેશના આપી અને પછી તુરન્ત રાત્રિ છતાં ત્યાંથી વિહાર કરી તેઓ ‘ અપાપાપુરી ’ પધાર્યા . આશામ્બર-મત ફુટ-નોટમાં મૂકવો.

* દશમું પર્વ, પાંચમો સર્ગ, ૧૦ માથી ૧૮ મા શ્લોકની વચ્ચે.

( ૫ ) 'સુમેરૂ' મહીધરને કંપાવ્યાની બીના મૂકવાની જરૂર નથી. ભગવાન્‌ના મહામહિમશાલી જીવનના પ્રકાશન–ક્ષેત્રમાં તેનું સ્થાન કેટલું !

( ૬ ) ભગવાન્‌ની સાથે રહેનાર કોટયવધિ દેવતાઓને અવગાહવાના સ્થાન વિષે ચિન્તા કરવી નકામી છે. એમની અવગાહનાને કંઈ ભૂતલ કે દીવાલ-ની જરૂર નથી. અદૃશ્ય કે દૃશ્યરૂપધારી તેમને માત્ર અન્તરીક્ષની વિપુલતાજ પોતાની અવગાહના માટે બસ છે. શાસ્ત્રવર્ણિત–શક્તિશાલી દેવોને જો માનીએ તો આ પ્રશ્ન નિરવકાશ છે. સમવસરણ વસ્તી-બહાર, મેદાનમાં થાય, એટલે ઘર–દૂકાન–મકાનો પાડવાની શંકા કરવી અસ્થાને છે. પણ આવી વાતો મૂકવી હોય તો સંક્ષેપમાં અને રીતસર મૂકીએ.

( ૭ ) 'શૂલપાણિ યક્ષ' વાળી ઘટના 'વઢવાણ'-( ઝાલાવાડ ) માં નથી બની. ભગવાન્‌નું ચોમાસું ગુજરાત–કાઠીયાવાડમાં નથી થયું. શેષકાળમાં કદાચિત્ તેઓ 'શત્રુંજય' ની ક્ષેત્ર–સ્પર્શના કરી ગયા હોય તો અસંભવ નથી.

( ૮ ) નગ્નવાદ અને વસ્ત્રવાદ એ બન્ને એકાન્ત-રૂપે સદોષ હોઇ અગ્રાહ્ય છે. મુક્તિ ન તો નગ્નતા

સાથે બંધાયલી છે, ન અનગ્નતા સાથે. તેનું ઉપાદાન તો આત્મસમાધિ છે. નગ્ન જ શ્રમણ કહેવાય યા અનગ્નજ શ્રમણ કહેવાય એ બન્ને માન્યતાઓ ભ્રમાત્મક છે. નગ્ન અને અનગ્ન બન્ને માર્ગો શ્વેતામ્બર-પ્રવચનમાં ઉપદેશાયલા છે. નગ્નને જ મુક્તિલાભ માનવાનો આગ્રહ રાખવો ન ઘટે. સૂત્રસિદ્ધ પન્દર ભેદે સિદ્ધિલાભનું વર્ણન બહુ ઉપયુક્ત છે.

(૯) જૈનોનું ભૂગોળ-ખગોળ-વિષયક ક્ષેત્ર બિલકુલ અણખેડાયલું પડયું છે. સમર્થ વિદ્વાનોએ તે વિષયમાં આધુનિક પદ્ધતિએ ખૂબ ઊહાપોહ કરી તે ઉપર સ્પષ્ટ પ્રકાશ નાખવાની જરૂર છે.

(૧૦) જૈનદર્શનમાં 'દ્રવ્યાનુયોગ' અને 'ચરણ-કરણાનુયોગ' એ એવા મહત્ત્વના વિષયો છે કે જેમનું સુપલ્લવિત વિવેચન ભગવાનના ઉપદેશક-જીવનની મહત્તા દર્શાવવાને પુરતું છે. સ્વર્ગ-નરકાદિનું સ્થૂળ વર્ણન આપવું હોય તો સામ્પ્રદાયિક રીત મુજબ ટૂંકમાં આપીએ.

(૧૧) ભગવાનના જીવન-ચરિતમાં ડગલે ને પગલે ઇન્દ્રાદિ દેવોને બોલાવી તેમને તસ્દી આપવાની જરૂર નથી.

(૧૨) એકાન્તગામી નયો કે મતોનું નિરાકરણ કરતાં "શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય"ની પદ્ધતિ પ્રમાણે અન્ય તીર્થનેતાઓના મૂળ ઉદ્દગારોનો સ્ફોટ કરી, તે ઉદ્દગારોને સમન્વય કરવાના દૃષ્ટિ-બિન્દુ પર વિચારી, ભગવાન્‌ના અનેકાન્ત-દર્શનનું વિશ્વવ્યાપી પ્રભુત્વ સમર્થન કરવું.

(૧૩) જૈનધર્મની ભિન્ન ભિન્ન શાખા—પ્રશાખાઓ નિકળવાનું મુખ્ય કારણ ક્રિયાભેદ છે. ક્રિયાભેદને ચોળી ચોળી ચીકણો કરી જૈનધર્મ ચાલણીએ ચળાતો આવ્યો છે અને ચળાઇ રહ્યો છે, એ ઓછા દુઃખની વાત નથી. ક્રિયાભેદોની ચર્ચામાં મને કશું વજૂદ જેવું જણાતું નથી. સ્ત્રીમોક્ષ, આચેલક્ય, પ્રભુપૂજાવિધિ, અંગ-રચના, આવશ્યકક્રિયાદિ, મૂર્ત્તિપૂજા વગેરે વગેરે તથા ચોથ-પાંચમ, અધિક-માસ, તિથિભેદ, ક્રિયાભેદ એ વગેરે બાબતોને અંગે જૈનધર્મના મહાન્ સંઘમાં સમયે સમયે જુદા જુદા ભાગલા પડતા આવ્યા છે. આ વિવાદાસ્પદ બાબતો પોતપોતાના વર્ગમાં એક-બીજાથી વિરૂદ્ધ રૂપે એવી કટ્ટર જામી ગઇ છે કે એ બધા વર્ગોનું એકીકરણ થવું અશક્યપ્રાય જણાય છે. ભગવાન્‌નું માનસ તો જાણેલુંજ છે કે, તેઓ મોક્ષ માટે સ્ત્રીઓને અન્યાય ન આપે, આચેલક્ય અને

સચેલત્વ એ બન્ને ઉપર ભગવાનૂના શાસનનો સિક્કો છે. મૂર્ત્તિપૂજાનો સર્વથા નિષેધ ગળે ન ઉતરે એવી ચીના છે. બાકી ક્રિયાભેદોમાં કામચાર !

મારા નમ્ર મત પ્રમાણે, ભગવાન્‌ના જીવન-ચરિત્રમાં આવી વિવાદાસ્પદ બાબતોને સ્થાન નજ હોવું જોઈએ. દિગમ્બર-શ્વેતામ્બરોના મતભેદોમાં જે તટસ્થ ભાવે સમુચિત લાગે તેનો ઉલ્લેખ જીવન-ચરિત્રમાં કરાય અને શેષ મત નીચે નોટમાં મૂકાય. આ ઉપરથી એ પણ ખાસ ફલિતાર્થ નિકળે છે કે, ભગવાન્‌ના જીવન-ચરિત્રના લેખકમાં સર્વ-પ્રથમ તટસ્થતાનો ગુણ સમ્પૂર્ણપણે આવશ્યકતા ધરાવે છે. એવા લેખકની વિશિષ્ટ જ્ઞાન-સમ્પત્તિજ મહાવીર જેવા મહાન્ આત્માનું જીવન આલેખવાને અધિકારી હોઇ શકે. અને એવાની બહુશ્રુત લેખિનીથી જે આલેખાય તે જ વધુ વિશ્વસનીય નિકળે, તે જ જનતાનું સ્વાગત-ભાજન થાય અને તેનાથીજ મહાવીર-જીવનનો મહિમા વધે.

“ તા૦ ક૦”માં લખાયેલ બાબત સામે એટલુંજ સાંભળવાનું હોઇ શકે કે દેવતાઓને શાસ્ત્ર-વર્ણિત શક્તિધારક જો માનીએ તો ‘ કનકાચલ ’ પર “ અભિષેક ” ના તેવા “ કળશ ” વિષે આશ્ચર્ય કરવા જેવું હોય જ શું ! દેવતાઓના ત્યાં સમાવા

વિષે પણ વિસ્મય કરવા જેવું હોય જ શું ! અને લાખ જોજનના મેરૂપર્વત પર પડતા એ " અભિષેક-જલ-પ્રપાત "થી પણ કંઇ અનિષ્ટ-શંકા કરવા જેવું હોય જ શું ! જ્યાં ચોસઠ સુરપતિઓ અસંખ્ય દેવો સહિત ઉપસ્થિત થયા હોય ત્યાં એ અનર્ગલ જળ-ધોધથી કંઇ ડર ખાવા જેવું છેજ નહિ. છાપાં વાંચનારાઓને ખબર હશે કે, અમેરિકાના ખેતીવાડીના વિજ્ઞાનશાસ્ત્રીઓએ એક જાતનો ગેસ ભરી એક એવી બત્તી તૈયાર કરી છે કે જેના વડે સૂર્યના જેટલો પ્રકાશ અને ગરમી ઉત્પન્ન થાય. અત્યારે આ દશા છે, આવું-આવું કેટલુંય વિસ્મયાવહ અત્યારે છે, તો મેરૂપર્વત પર તો ખુદ સૂર્ય-ચન્દ્ર પણ જ્યાં મોજૂદ હોય ત્યાં પછી " અભિષેક " ને અંગે વિસ્મય શો અને ભયની કલ્પના કરવાની શી ? છતાં, આવાં ' ચમત્કારભર્યાં ' વર્ણનોમાં ભગવાનનું મહાન્ પ્રભુત્વ નથી સમાણું, એ તો સુજનોએ હૃદયમાં ધારી રાખવુંજ ઘટે અને આવાં વર્ણનો ભગવાનના જીવન-ચરિત્રમાં આલેખાવાની પણ જરૂર નથી જણાતી.

" **મથાળા** " પુરતું તો લખાઇ ચુક્યું. હવે પ્રસંગતઃ એ પણ અહીં કહી લઉં કે મહાવીર ભગવાને પેલા બ્રાહ્મણને અડધું વસ્ત્ર શા હિસાબે આપ્યું હશે ! શું વસ્ત્ર પર તેમને મોહ હતો ? શું અડધું

વસ્ત્ર તેમને પોતાને માટે રાખવાની ઇચ્છા હતી ? શું કારણ હતું કે આખુંય વસ્ત્ર પ્રદાન ન કરતાં ફાડીને–અડધું રાખીને બાકીનું અડધું આપ્યું ? આ ઉપર કહેનારો એમ કહેવાની ધૃષ્ટતા કરી નાંખે કે વસ્ત્રાર્ધ કાંટામાં ભરાણું ત્યારે સમૂળગા વસ્ત્ર વગરના રહ્યા, પણ પોતાના હાથે આખું વસ્ત્ર દાન ન કરી શકયા ! આ વિષે ટીકાકાર સ્વયં કંઇ ન ઉચ્ચારતાં બીજાઓના અભિપ્રાયો નોંધે છે. તેમાં એક અભિપ્રાય એ છે કે, ‘ ભગવાને એમ કરવું એ તેમની સન્તતિની વસ્ત્ર–પાત્રવિષયક મૂર્છા સૂચવે છે. ’ પણ આ અભિપ્રાયમાં, ભગવાને એમ શા માટે કર્યું એનો સ્ફોટ નથી. બીજા અભિપ્રાયમાં, ‘ ભગવાને એમ કરવાથી એઓ પહેલાં બ્રાહ્મણ–કુલમાં ઉત્પન્ન થયા હતા એમ સૂચવાય છે ’ એવો ઉલ્લેખ[1] છે. આમાં પણ કારણનો ઉલ્લેખ નથી. અથવા આ અભિપ્રાયવાળા શું એમ કહેવા માંગે છે કે બ્રાહ્મણની હવા લાગવાથી ભગવાનને તેવી લોભવૃત્તિ જાગૃત થઇ હતી ! સંભવ છે કે, વસ્ત્ર વિષે ભગવાનનું મમત્વ હોવાનું કેટલાક માનતા હશે. કેમકે એવો ઉલ્લેખ[2] છે કે, ભગવાનનું શેષ વસ્ત્રાર્ધ જ્યારે કાંટામાં

---

૧–૨ કલ્પસૂત્રના છઠ્ઠા ક્ષણના પ્રારંભના ૧૧૭ મા સૂત્રની વૃત્તિમાં.

ભરાઈ ગયું ત્યારે ભગવાને પાછું વાળીને જોયું. અને તે, કેટલાકના મતે મમત્વભાવને લીધે, અને કેટલાકના મતે સ્વસન્તતિને વસ્ત્રપાત્ર સુલભ થશે કે દુર્લભ એ જોવા સારૂ. કેવી મનોદશા! કેવી ગડમથલ! જ્યાં દિગમ્બરો શ્રમણ–જીવનને સારૂ વસ્ત્રને શરાપ રૂપ ગણવાનું ગેરવ્યાજબી સાહસ ખેડે છે, ત્યાં શ્વેતામ્બરો "વસ્ત્રવાદ"ની એકાન્ત ભાવનામાં રંગાઈ જઈને તો આવી આવી કલ્પના નહિ બાંધતા હોય? જે મહાન્ આત્મા દીક્ષા ગ્રહણ કરતી વખતે સર્વસ્વ ત્યાગતાં, એક વસ્ત્રનો કકડો પણ સાથે નથી લેતો, તેને બીજાના ઠવેલ વસ્ત્ર પર 'મમત્વધારી' માનવો એ કેટલું અજાયબીભરેલું છે! કેટલું અસમંજસ છે! દિગમ્બરોએ 'નગ્નવાદ' પર જોર માર્યું છે, તેમ શ્વેતામ્બર–સંસ્કૃતિમાં વસ્ત્રવાદ કે દ્રવ્યલિંગ–વેષની ભાવનાનો રંગ પૂરાયો હોય એમ જોવામાં આવે છે. આચાર્ય હેમચન્દ્રના 'આદીશ્વર–ચરિત્ર'માં, આદર્શ–ભવનમાં કેવલજ્ઞાન પામેલ 'ભરત' ને 'શક્ર' કહે[1] છે કે:

"હે કેવલિન્! દ્રવ્યલિંગને ગ્રહણ કરો, જેથી હું તમને વાંદું અને તમારો નિષ્ક્રમણોત્સવ કરૂં. ત્યારે ભરતે દીક્ષા–લક્ષણરૂપ પંચમુષ્ટિ લોચ કર્યો અને પાસેના દેવતાએ રજુ કરેલ 'રજોહરણ'

---

૧ છઠા સર્ગમાં ૭૪૧ થી ચાર શ્લોકોમાં.

પ્રમુખ ઉપકરણુ ગ્રહણુ કર્યાં. ત્યારે ઇન્દ્રે ભરતને વાંદ્યા. કેમકે કેવલી પણુ જો અદીક્ષિત હોય, દીક્ષા-વેષસમ્પન્ન ન હોય તો કદી વંદાતો નથી. ”

મારી દૃષ્ટિમાં તો શ્વેતામ્બરોના મૂળ પ્રવચન ‘ આચારાંગ ’ આદિમાં ફરમાવ્યા મુજબ નગ્નાનગ્નાત્મક અનેકાન્ત-દર્શનજ જૈન દર્શનનું ખરૂં સ્વરૂપ સમજાય છે. મારો નમ્ર મત તો હું એ જણાવું કે અર્હદ્‌-દર્શનની સાચી પૂજા સામ્પ્રદાયિક સંસ્કારોની સંકુચિત વૃત્તિઓને અલગ કરી દઇ વિશ્વ-દૃષ્ટા અર્હન્‌ દેવની વિશ્વવ્યાપક તત્ત્વદષ્ટિના ઉચ્ચ ધોરણુ પર પોતાની વિચાર-બુદ્ધિ સ્થાપન કરવામાં છે. અસ્તુ

વળી એ પણુ ધ્યાનમાં રાખવું ઘટે કે મહાવીર દેવના જીવન-પ્રદેશોનો કેટલોક ભાગ એટલો બધો ગંભીર છે કે પુરતો વિચાર કર્યા વિના, સામ્પ્રદાયિક દુર્મોહથી કે બુદ્ધિના અટકચાળા-થી એક ભડાકે કે એક કલમના ઘોદે ‘ નિર્ણય ’ જાહેર કરવા જેવું નથી. ભગવાનૂની જીવન-સ્થિતિ પર પ્રકાશ પાડવામાં વિશિષ્ટ બુદ્ધિ, દીર્ઘ અભ્યાસ, સૂક્ષ્મ આલોચના, બહુ વાચન અને તટસ્થ માનસની દરકાર છે. સાથે જ હૃદય પણ શુષ્ક ન હોઈ ભાવુક અને શ્રદ્ધાસમ્પન્ન જોઇએ.

કથા-ગ્રન્થો કરતાં [૧] અંગાદિ મૌલિક ગ્રંથો વધારે વજનદાર ગણાય. અને તેમના આધાર પર

---

૧ આચારાંગના શ્રુતસ્કન્ધો બે છે. તેમાં પ્રથમ શ્રુતસ્કન્ધના ૯ મા અધ્યયનમાં મહાવીર ભગવાનની તપસ્યા અને એમના પરીષહો તથા ઉપસર્ગોનું વર્ણન છે. બીજા શ્રુતસ્કન્ધની ત્રીજી ચૂલિકામાં ભગવાનના જીવનની મુખ્ય ઘટનાઓની સંક્ષિપ્ત સૂચી આપી છે, જેમાં ભગવાનનો 'ગર્ભાપહાર' પણ બતાવ્યો છે.

આવશ્યક-નિર્યુક્તિમાં ભદ્રબાહુ સ્વામીએ અને 'ભાષ્ય'-માં જિનભદ્રગણિજીએ મહાવીર-જીવનની હકીકત આપી છે.

ભદ્રબાહુનો સ્વર્ગવાસ વીર-નિર્વાણાત્ ૧૭૦ વર્ષે મનાય છે.

કલ્પસૂત્રમાં અધિકાંશ એજ બીના છે જે આચારાંગમાં નોંધાયલી છે. આવશ્યકચૂર્ણિમાં એથી સવિસ્તર વર્ણન છે.

આવશ્યક-નિર્યુક્તિ-ભાષ્ય પર હરિભદ્રસૂરિકૃત સંસ્કૃત-પ્રાકૃતમયી ટીકા છે. એમાં ભગવાનની જીવન-ઘટનાઓનું વિસ્તૃત વર્ણન છે.

વિક્રમની ૯મી શતાબ્દી લગભગ શીલાંકાચાર્ય થયા. જેમણે 'આચારાંગ' આદિ પર ટીકા લખી છે, તેમણે પ્રાકૃત ગદ્યમાં "મહાપુરિસચરિય" રચ્યું છે; જેમાં "નિર્યુક્તિ" આદિના આધારે વિસ્તારથી મહાવીર-જીવન વર્ણવ્યું છે.

'કર્ણદેવ' રાજાના સમયમાં વિ. સં. ૧૧૪૧ માં નેમિચન્દ્રસૂરિએ રચેલ મહાવીર-ચરિત્ર પ્રાકૃતમાં લગભગ ત્રણ હજાર શ્લોક પ્રમાણ છે; જે છપાયેલ છે.

મહાવીર ભગવાન્‌ની જીવન-દશા પર વિચાર કરવાનું રીતસર મળી શકે. ‘ ભગવતી ’ સૂત્રના પંદરમા શતક જેવાં વાઙ્‌મય જોતાં પણ અનેકાનેક ઊહાપોહ ઉત્પન્ન થઈ આવે. આચાર્ય હેમચન્દ્રની “ રચના ” તેમની પૂર્વે બનેલા ગ્રન્થોના આધાર પર થયેલી છે. એટલે તેમના “ પ્રણયન ” માં નિર્મૂલતાનો કે સ્વતન્ત્ર કલ્પનાનો સંભવ જણાતો નથી. હા, ‘ કુમારપાળ ’ રાજા-સમ્બન્ધી “ ભવિષ્ય-કીર્ત્તન ”-માં તેમણે સ્વાતન્ત્ર્ય સેવ્યું હોય એમ જણાય છે. નિદાન, મહાવીર-જીવન સમજવું સાધારણ વર્ગને જેટલું સહેલું છે તેટલુંજ વિચારકોને અઘરૂં જણાય છે. એટલે કહેવાનો સારાંશ એ છે કે, ભગવાનનું ‘ જીવન-ચરિત્ર ’ એવું નિષ્પન્ન થવું જોઈએ કે જે સ્વાભાવિક અને ઉચ્ચભાવવાહી હોઇ, ભગવાન્‌ના મહિમશાલી જીવનનું સુન્દર દ્યોતન કરવા સાથે જગત્‌ની આગળ વિશ્વ-કલ્યાણનો મહાન્ આદર્શ રજુ કરવામાં સમર્થ નિવડે.

---

ગુણચન્દ્ર ગણિએ વિ. સં. ૧૧૩૯ માં રચેલું મહાવીર-ચરિત્ર પ્રાકૃતમાં લગભગ બાર હજાર શ્લોક પ્રમાણ છે.

ભગવત્યાદિ સૂત્રોમાં છૂટા છવાયા મહાવીર-જીવનના પ્રસંગો અનેક લભ્ય છે.

# " આસ્તિક—નાસ્તિકતા "

વિશિષ્ટ અભ્યાસીઓ સમજી શકે છે તેમ શબ્દોના અર્થોમાં સમય-પ્રભાવે સંકોચ-વિસ્તાર થઇ જાય છે. અર્થાન્તરમાં પણ શબ્દ ચાલ્યો જાય છે. યુગ-સ્વભાવ કે પરિસ્થિતિ બદલાતાં, મનોદશામાં ફરક પડતાં આમ બને છે. 'નાસ્તિક' શબ્દની પણ યોજના ભિન્ન ભિન્ન રીતે થયેલી છે. જૈનો વેદોમાં માનતા નથી; જૈનો ઇશ્વરને સૃષ્ટિકર્ત્તા સ્વીકારતા નથી. આ હિસાબે હિન્દુઓએ જૈનોને 'નાસ્તિક' વિશેષણથી નવાજ્યા. પણ જૈનોએ તે વિશેષણ સહર્ષ સ્વીકાર્યું. તેમણે ઉન્નત મસ્તકે ઉચ્ચાર્યું કે વેદો તત્ત્વદર્શક નથી, ઇશ્વર જગત્કર્ત્તા

નથી—એમ "नास्ति" ના સિદ્ધાન્ત ઉપરથી 'નાસ્તિક' શબ્દ વ્યુત્પન્ન કરાતો હોય તો એવી નાસ્તિકતા અમારા મસ્તકનું તેજસ્વી મણિ છે, અને એમાં અમારા શાસનનો વિજય છે. આવો જ એક રમુજી કિસ્સો આ કાળમાં પણ બનેલો. સુપ્રસિદ્ધ ધર્માચાર્ય શ્રીવિજયધર્મસૂરિજી મહારાજ જે વખતે કાશીમાં નવા આવેલા, તે વખતે શરૂઆતમાં કેટલાક વિદ્વાન્ બ્રાહ્મણો તેમની સામે ઉદ્ધતાઈથી પેશ આવતા. એક વખતે મહારાજશ્રી વિદ્યાર્થીઓ સાથે 'ભીલુપુર' દર્શન કરવા જતા હતા, તે વખતે રસ્તામાં કોઇ બે વિદ્વાન્ બ્રાહ્મણો સામેથી આવી રહ્યા હતા. મહારાજશ્રીને પાસે આવતા જોઇ એ પંડિતોમાંથી એકે બીજાને કહ્યું—

"नास्तिकोऽयं समागतः !"—'આ નાસ્તિક આવ્યો !'

મહારાજશ્રીએ સાંભળ્યું. તેઓ પ્રસન્ન વદને વદયા—

"साधु प्रोक्तं महाभाग ! अहं खल्वस्मि नास्तिकः !"—'મહાનુભાવ ! ઠીક કહ્યું, હું ખરેખર નાસ્તિક છું !'

આ સાંભળી પેલા પંડિતોને આશ્ચર્ય થયું. તેઓએ પૂછ્યું—

" क्यों जी ! आप अपने ही मुख से अपने को नास्तिक बतला रहे हैं ? "

જવાબમાં મહારાજશ્રીએ કહ્યું—

"बेशक, मैं नास्तिकता का उपदेश करता हूँ, इसलिए मैं अपने को नास्तिक बतलाए जाने पर खिन्न नहीं होता । "

પંડિતોએ પૂછ્યુ—" कैसे ? "

મહારાજશ્રીએ કહ્યું:

" देखिए ! मैं लोगों से कहता हूं कि हिंसा मत करो ! झूठ मत बोलो ! चोरी मत करो ! बद-माशी मत करो ! क्रोध, लोभ, अभिमान को हटाओ ! इस तरह मैं हिंसा आदि के नास्तित्व में आत्मा का श्रेय मान कर औरों को भी इसी नास्तित्व के मार्ग पर लाने का प्रयत्न करता हूँ।"

પંડિતો બોલ્યા—" इन बातों को तो हम भी मानते हैं " । ત્યારે મહારાજશ્રીએ કહ્યું—

"तो आप भी हमारी ही पंक्ति में आ गए!"

આ ઉપર પંડિતો ખુશ થયા અને વિદાય લીધી.

આજે અમે લલકારીને જૈન સમાજને કહી

રહ્યા છીએ કે નવાં દેરાસરો, સંઘ–યાત્રાઓ, જમણ-વારો વગેરેના કરતાં વિજ્ઞાનશાલાઓ, વિદ્યાપીઠો, ગુરૂકુલો, બ્રહ્મચર્યાશ્રમો, ઉદ્યોગમંદિરો, અને બલા-ધાયક સંસ્થાઓની વધારે સખ્ત જરૂર છે. જેવો મોહ જિનમન્દિરોનાં ઉત્તુંગ શિખરો પર લહરાતી ધજાઓ જોવાનો આપણને લાગ્યો છે, તેવો જ મોહ, વિદ્યામન્દિરોનાં અને શિક્ષાલયોનાં ગગનચુમ્બી શિખરો પર જિનશાસનની પતાકાઓ ફરકતી જોવાનો આપણી અન્દર ઉત્પન્ન થવાની–કરવાની જરૂર છે. સમાજ સડી રહ્યો છે, કોમનો ઘાણ વળવા બેઠો છે, નબળાઈ અને કાયરતાએ જૈનોને વેવલા વાણિયા બનાવી મૂક્યા છે અને અજ્ઞાન તથા બેવકૂફી ભરેલા રિવાજોથી ધર્મની ધૂળધાણી થઇ રહી છે, તેવા વિષમ સમયમાં આંખો મીંચીને લીટે લીટે ચાલનારા સમાજ-ને અમારે ગર્જના કરીને કહેવું પડે છે કે, તમારામાં સમયને ઓળખવાનો થોડો પણ બુદ્ધિ–શેષ રહ્યો હોય તો તમારી અન્દર છવાયલાં કાયરતાનાં જાળાં ખંખેરી નાંખવા જોશભેર પ્રયત્ન ઉઠાઓ ! વિદ્યા, શિક્ષણ અને શક્તિનાં પ્રભાવશાળી અને પવિત્ર આશ્રમો ઠેકઠેકાણે સ્થાપન કરો ! અમારે યુવક–વર્ગને પણ ઉત્તેજિત કરવા સંભળાવવું પડે છે કે સમાજમાં લ્હાય લાગી હોય અને ધર્મની અધોગતિ થઇ રહી હોય તેવે વખતે તમને એશઆરામ કેમ સૂઝે ?

તમારી ત્યાગ–ભાવના પર તો દેશ, સમાજ અને ધર્મનાં પુનર્વિધાન ઘડાયાં છે. તમે જો "ગળીયા બળદ" થઇ બેસી જાઓ તો તો ગજબ વળી જાય ! તમારી નબળાઇ પર તો સમાજ રસાતલમાં જાય ! અને એનો શરાપ તમારે માથે ઉતરે ! તમારી જુવાનીનો જોશ, તમારૂં ઉછળતું ખમીર, તમારી જ્ઞાન–શિક્ષા અને અને તમારૂં જીવન–સર્વસ્વ ધર્મની બુઝાતી જ્યોતને પુનઃ પ્રજ્વલિત કરવામાં ખતમ થઈ જવું જોઇએ.

સમાજ–કલ્યાણને સારૂ—શાસનના ઉદ્દ્યોતને સારૂ આવો ઉપદેશ આપવામાં–આવી ઉત્તેજના ફેલાવવામાં જો નાસ્તિકતા ગળે વળગી જતી હોય તો તો અમારે એ "નાસ્તિકતા" ને અમારા ગળાનો હાર સમજવો રહ્યો. અને એ "નાસ્તિકતા"માંજ અમે સમાજનું ભલું ભાળી રહ્યા છીએ. એથી ઉલટી આસ્તિકતામાં જો અજ્ઞાન–અન્ધશ્રદ્ધા, નિર્માલ્યતા, દુરાગ્રહ અને નામર્દી ભરેલાં હોય, તો એવી "આસ્તિકતા" દુનિયાને ભયંકર શરાપરૂપ ગણાય, સમાજનું નખોદ વાળે, ધર્મનો ડાટ વાળે. એવી "આસ્તિકતા" પર તો અંગારા વરસો ! એવી આસ્તિકતા ન જોઇએ, ન જોઇએ, અમને હર્ગિજ ન જોઇએ.

હિન્દમાં જ્યારે દાર્શનિક યુગનો જમાનો હતો,

ત્યારે એક બીજા દર્શનના વિદ્વાનો એક-બીજા પર નાસ્તિકતાના આક્ષેપો કરતા. એકે કહ્યું: **नास्तिको वेदनिन्दकः**, ત્યારે બીજો બોલ્યો: **नास्तिको बौद्धनिन्दकः**, ત્યારે ત્રીજાએ કહ્યું: **नास्तिकः सांख्यनिन्दकः**, ચોથો બોલ્યો: **नास्तिको योगनिन्दकः** આમ શબ્દાશબ્દિ તુમુલ ચાલતું વિશેષજ્ઞોનું કહેવું એમ થતું કે, આમ બધા એક બીજાને નાસ્તિક કહેવા લાગી જશે તો પછી સંસારમાં આસ્તિક કોણ રહેશે ! ગમે તેમ હો, પણ એ દહાડા વહી ગયા. આજે તો એ આક્ષેપનું કંઈયે વજન નથી. ઉલટું, એવા આક્ષેપ કરનારનું કેવળ મતિદૌર્બલ્ય સૂચવાઇ જાય છે. વિચાર-ભેદ સંસારમાં કયાં નથી ! કેવલજ્ઞાન-દર્શન વિષે ક્રમવાદી, યુગપદ્વાદી અને એકત્વવાદી શ્રુતધરોમાંથી પણ, તેવી સૈદ્ધાન્તિક-આગમિક તત્ત્વચર્ચાને અંગે પણ કોઇ નાસ્તિક કે મિથ્યાદૃષ્ટિ ન ઠર્યો, તો ધર્મના આજના વ્યાવહારિક રીત-રિવાજોને દેશ-કાળ અનુસાર ગૌણ-મુખ્ય ભાવે યોજવામાં અને ઉચિત પરિવર્ત્તન કરવામાં નાસ્તિકતાનું બાણ ફેંકવું એમાં કયાં ડહાપણ સમાયલું છે એ સમજવું અમને મુશ્કેલ થઇ પડે છે. સંઘ-યાત્રા, સાહમિવચ્છલ વગેરે સદા એકાન્ત આવશ્યક છે એમ તો હજાર આચાર્યો ભેગા થાય તોય કહી શકે

તેમ નથી. ત્યારે એ સર્વ એકાન્ત અનાવશ્યક છે એમ તો અમે કદી કહીએ જ નહિ. અમારો તત્સમ્બન્ધી નિષેધ જૈન શૈલી મુજબ "કથંચિત્" છે, 'स्यात्' પદથી લાંછિત છે. સમગ્ર મુનિસમાજ–સમક્ષ અમને ઘોષણાપૂર્વક કહેવાની ફરજ પડે છે કે–

આજે દેશ–કાળ અનુસાર શાસનની મહાન્ પ્રભાવના બ્રહ્મચર્યાશ્રમો, ગુરૂકુલો અને વિદ્યાપીઠો ખોલીને બ્રહ્મચારી વિદ્યાર્થીગણોને સાંગોપાંગ વિદ્યાદાન કરવામાં છે; વિજ્ઞાનશાળાઓ અને ઉદ્યોગ-મન્દિરો ખોલીને આર્થિક હીનતામાં સબડતા સામાજિક જનોને ઉદ્ધારવામાં છે; પ્રાચીન શાસ્ત્ર–સમૂહ અને ગ્રન્થરાશિને મૂળરૂપે તથા દુનિયાની મુખ્ય મુખ્ય ભાષાઓમાં પ્રકાશન કરી સંસારમાં જૈનસાહિત્ય અને જૈન તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરવામાં છે. આ અને એવાં બીજાં અનેક એવડાં મહાન્ કાર્યો છે કે જેમાં કરોડોની સમ્પત્તિ જોઇએ. એક જૈન યુનિવર્સિટિ પણ હજુ સુધી જૈનો ખોલી શકયા નથી, એજ એમની મનોદશાનું પ્રમાણ–પત્રક છે. દૃષ્ટિ–કોણમાં પરિવર્ત્તન થયા વગર કયાંય સુધારા થયા છે કે ? ત્યારે આ સુધારાના ઉપદેશ સ્થિતિ-ચુસ્તોને અખરે એમાં નવાઇ જેવું શું ! છતાં તેમની સાથે પ્રેમપૂર્વક મેળ રાખીનેજ કામ સાધવું રહ્યું.

ઘર–ઘરમાં રીસાઇને એક બીજા જોડે અસહકાર કર્યે કયાં પાલવે ! સાધારણ મતભેદોમાં બધા રીસાઇને અલગ અલગ બેસી જાય તો શાસનની શી દશા થાય ! કોઇ કોઇને "નાસ્તિક" શબ્દથી નવાજે, તોય સવળો અર્થ લઇએ. ખરી રીતે તો "નાસ્તિક" શબ્દનું ઉત્પત્તિ–સ્થાન 'નાસ્તિ' છે. અને ઉપર કહ્યું તેમ, પોતપોતાની મનોદશા અનુસાર જુદા જુદા અધ્યાહાર લગાવી 'નાસ્તિ' ઉપરથી 'નાસ્તિક' શબ્દ વ્યુત્પન્ન થતો આવ્યો છે. હું પહેલાં કહી ગયો તેમ, એક સમય એ હતો કે, *હિન્દુઓ વેદપ્રામાણ્યવિષયક અથવા સૃષ્ટિકર્ત્તા ઇશ્વર સંબન્ધી માન્યતાનો 'નાસ્તિ' સાથે અધ્યાહાર કરી જૈન વગેરેને 'નાસ્તિક' કહેતા. વિજયધર્મસૂરિજી મહારાજે વળી 'નાસ્તિક' શબ્દની સમય પુરતી રમૂજી યોજના કરી દેખાડી પંડિતોને છક્ક

---

* જુઓ ! 'ગુજરાતવિદ્યાપીઠ' તરફથી પ્રકાશિત "પૂર્વરંગ" નું ૧૭ મું પાનું—

"જૈનો વેદને માનતા નથી, એટલાજ માટે તેમને અહીં નાસ્તિક કહેલા છે. આજે તો નાસ્તિક શબ્દ જુદા અર્થમાં વપરાય છે. જે ઇશ્વરને કે ધર્મને નથી માનતો તે નાસ્તિક એ આંજનો અર્થ છે. જૈનદર્શનને નાસ્તિક કહેવામાં એ અર્થ નથી."

કરી દીધા. કોષકારો તથા વૈયાકરણોએ પુણ્ય–પાપ–પુનર્જન્મ સંબંધી માન્યતાનો 'નાસ્તિ' સાથે અધ્યાહાર કરી વિશાળ અર્થમાં 'નાસ્તિક' શબ્દ યોજયો. વાદિ દેવસૂરિજી મહારાજે 'પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર'ના છેલ્લા પરિચ્છેદમાં બનાવેલા વાદી–પ્રતિવાદીના બાર ભેદો પૈકી જે એક ભેદ કેવલજ્ઞાની અને વિજિગીષુના વાદ–સમ્બન્ધી છે, તે ઉપર દૃષ્ટિપાત કરતાં, કદાચિત્ વિજિગીષુ કેવલજ્ઞાનીને "નાસ્તિક" શબ્દથી સંબોધવા સાહસ કરે તો એ અસ્વાભાવિક ન ગણાય. પણ કેવલજ્ઞાનીનો અન્તેવાસી ભક્ત તો એનો સવળો અર્થ લઈ જવાબમાં સામો એમજ કહે કે—

'મુમુક્ષુનો પ્રયત્નજ મોહની **નાસ્તિ** કરવાનો છે. મોક્ષનો અર્થજ કર્માવરણોની **નાસ્તિ** કરવી એ છે. ધ્યાની, યોગી કે શ્રેણીવાદી આત્માનો પ્રયત્ન ખાસ કંઈ મેળવવા સારૂ નથી હોતો. કેવલજ્ઞાન તો આત્માનું સ્વરૂપ હોઇ આત્મસ્થજ છે. તેને શું ઉત્પન્ન કરવાનું હોય! સાધકને તો કર્માવરણોની **નાસ્તિ** કરવી છે. આમ **નાસ્તિ**માં માનવા અને **નાસ્તિ**નું કર્મ કરવા ઉપરથી જો 'નાસ્તિક' શબ્દ ઘટિત કરાતો હોય તો એ દૂષણરૂપે યોજેલો શબ્દ ભૂષણરૂપે બની જાય છે.'

આમ ભિન્ન ભિન્ન રૂપે 'નાસ્તિક' શબ્દની યોજના સંભવિત છતાં તેની શિષ્ટસમ્મત અને શાસ્ત્રસિદ્ધ વજનદાર વ્યાખ્યા કો[1]શકારાદિના મત મુજબ ઉપર જણાવી એ ગણાય. અર્થાત્ આત્મા, પુણ્ય-પાપ અને પરલોકસમ્બન્ધી શ્રદ્ધાન વગરનો નાસ્તિક ગણાય. છતાં એટલેથી પણ નિવેડો આવવો મુશ્કેલ છે. પુણ્ય-પાપ અને આત્માની વ્યાખ્યાઓ પણ દાર્શનિકોએ ભિન્ન ભિન્ન રીતે કરી છે. એટલે આસ્તિક ગણાતા દર્શનકારો પણ એક બીજાની દૃષ્ટિએ નાસ્તિક ગણાવા લાગે. જૈન દૃષ્ટિએ આત્મા અને પુણ્ય-પાપમાં માનનારાજ આસ્તિક, એમ માનીએ તો જૈનોમાં પણ પુણ્યના સાધન તરીકેની ક્રિયાઓમાં મતભેદ ક્યાં ઓછા છે? એટલે એ મતભેદ ધરાવનાર જૈનો પણ એક બીજાની દૃષ્ટિએ નાસ્તિક ગણાવા લાગે. ત્યારે છેવટે, તપાગચ્છ-સમ્મત ક્રિયામાર્ગ અનુસરનારાજ

---

૧ " श्रद्धालुरास्तिकः श्राद्धो
नास्तिकस्तद्विपर्यये "

" नास्ति परलोकादीति मतिरस्य नास्तिकः' ।

( હૈમ-અભિધાનચિન્તામણિ ત્રીજો કાંડ ૧૫૪ મો શ્લોક )

આસ્તિક, અને બીજા બધા નાસ્તિક, એમ માનવાનું પ્રાપ્ત થાય. પણ તપાગચ્છવાળાઓમાં પણ વિચાર-ભેદો અને મતભેદો કયાં ઓછા છે ? તેમાં એક ભેદ 'સાગર' અને 'વિજય' નો પણ ખૂબ જાણીતો છે. ત્યારે હવે આસ્તિકતાનો કળશ કોના ઉપર ઢળે !

આત્મા, પુણ્ય–પાપ અને પરલોકમાં માનનાર શ્રદ્ધાળુ શ્રાવક પણ પોતાના પુત્રને દીક્ષા લેતાં અટકાવે છે; તેવો શ્રાવક પોતાની પત્નીને દીક્ષા લેતાં વારે છે. આથી શું એ શ્રાવકને 'નાસ્તિક'-ની ડિગ્રી મળી જાય ખરી ? હર્ગિજ નહિ. આસ્તિક ભાવની હયાતીમાં પણ મોહનીય–સંસ્કારના પરિણામે તેમ બન્યા કરે છે. એ શ્રાવક સંયમને ઉચ્ચ તત્ત્વ અને પરમ કલ્યાણસાધક અવશ્ય સમજે છે. છતાં તે પોતાના પ્રિયજનોને યોગ્ય છતાં પણ સંયમ લેતાં અટકાવે છે, એ કેવળ એની મોહવાસનાનું પ્રાબલ્ય છે. અને એટલાજ માટે ગીતાર્થોએ ગાયું છે કે "**अहो! मोहोतिदुर्जयः**". સમ્રાટ્ ભરતે "સુન્દરી" ને દીક્ષા લેતાં અટકાવી એ શું એમની નાસ્તિકતાનું પરિણામ હતું ? રાજા રામચન્દ્રજીને જ્યારે હનુમાને દીક્ષા લીધાની ખબર પડી, ત્યારે તેમને મનમાં એમ થયું કે—

સંસારના વિષય–વિલાસના આનન્દનો ત્યાગ કરી હનુમાને શા માટે કષ્ટરૂપ દીક્ષા લીધી !

સૌધર્મ–ઇન્દ્રને પણ રામચન્દ્રજીનો આ વિચાર જાણવામાં આવતાં આશ્ચર્ય થયું અને સભામાં કર્મની વિષમ ગતિ જણાવતાં તેઓ બોલ્યા કે, અહો ! મોહબળ કેવું છે કે ચરમ–શરીર રામચન્દ્ર પણ ધર્મને હસે છે અને ઉલટું વિષયસુખને પ્રશંસે છે ! ઇન્દ્રને જણાયું કે એમને ભવવૈરાગ્ય નહિ આવવામાં કારણભૂત પ્રગાઢ ભ્રાતૃ–સ્નેહ છે.

જુઓ ! આ બાબતના આચાર્ય હેમચન્દ્રનાં શ્લોકો—

" हनुमन्तं प्रव्रजितं ज्ञात्वा दध्यौ रघूद्वहः ।
हित्वा भोगसुखं कष्टां दीक्षां किमयमाददे !" ॥
" तां रामचिन्तामवधेर्ज्ञात्वा सौधर्म–वासवः ।
ऊचे मध्येसभमहो ! कर्मणां विषमा गतिः " ॥
" रामश्चरमदेहोऽपि यद्धर्मं हसति स्वयम् ।
सौख्यं विषयसम्भूतं प्रत्युतैष प्रशंसति " ॥
" अथवा ज्ञातमनयो राम–लक्ष्मणयोर्मिथः ।
स्नेहो गाढतरः कोऽपि भवानिर्वेद–कारणम् " ॥

( રામાયણ, સાતમું પર્વ, દશમો સર્ગ )

વાચકો વિચાર કરી જુએ કે રામચન્દ્રજીની આવી મનોદશા થવામાં " **संयमो भोगवञ्चना** " ના અધ્યવસાયો સમાયલા ખરા કે નહિ ? અને એથી તેમને નાસ્તિક માનવા કે નહિ ? "**संयमो भोगवञ्चना**"-નાં ઉંડાં મૂળ સમજ્યા વગર વારેવારે એ શબ્દોને વળગીને જેને તેને 'નાસ્તિક' કહી નાંખવાનું સાહસ કરવું કેટલું ભયાવહ છે એ રામચન્દ્રજી જેવાઓના દાખલાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે. રામચન્દ્રજીનું જીવન કેટલું પવિત્ર છે, કેવું મહાન્ ભદ્ર અને આસ્તિક્યસમ્પન્ન છે એ એમના જીવનચરિત્રના અભ્યાસીને વિદિત જ હોય. છતાં મોહનું વાદળ એવું વિષમ છે કે ત્યાગમાર્ગ તરફના પ્રયાણમાં અન્તરાય નાખીને પ્રાણીને વ્યાકુળ બનાવી મૂકે છે. ખરી વાત તો એ છે કે નાસ્તિક–આસ્તિકતાનું પૃથક્કરણ કરવા સારૂ સહુથી પહેલાં 'દર્શનમોહ' અને 'ચારિત્રમોહ'ની વિભિન્નતા સમજવી જોઇએ. આસ્તિકતા કે નાસ્તિકતા માટે 'દર્શનમોહ' વિચારણીય છે. અર્થાત્ આસ્તિકતાનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન હોઇ તે, દર્શનમોહના અપકર્ષ કે વિલય થવા ઉપર અવલંબિત છે, જ્યારે તે મોહનો મહાન્ ઉત્કર્ષ પ્રાણીને નાસ્તિક દશામાં લાવી મૂકે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે મોહને કે પ્રેમને અંગે વ્હાલી વસ્તુનો કે વિષયવિલાસનો ત્યાગ ન કરી શકાય–ન કરાય, પોતાના પ્રિયજનોને કે બીજાને સંયમ ન

લેવા [illegible]વાય, દીક્ષા લેતાં બીજાને અટકાવાય, એ છતાંય તત્ત્વશ્રદ્ધાનરૂપ આસ્તિક્ય સલામત રહે. ચારિત્ર-મોહના ભજવાતા ભાવો દર્શનમોહના વિલય-વિશેષથી પ્રગટેલ [1]આસ્તિક્યમાં દખલગીરી કરી શકતા નથી. સૂક્ષ્મદૃષ્ટિએ આ બાબત સમજવા યોગ્ય છે. વીર-ભક્ત રાજા 'શ્રેણિક'આદિના દાખલા પણ વિચારવા યોગ્ય છે. "દશાર્હો' શ્રાવક હોઇ કરીને પણ દારૂ[2] પીવાનું બંધ ન કરી શકે, 'શ્રીકૃષ્ણ' મહાન્ સમ્યક્ત્વધારી છતાં જિન્દગીને છેડે પણ સુરાપાન ન છોડે, પરમાર્હત 'શ્રેણિક' પણ જિન્દગીની છેલ્લી ઘડીઓમાં પણ 'ચેલણા' ના કેશ-પાશમાંથી ટપકતી શરાબ પીએ એ એમની નાસ્તિકતા ગણાય શું? હર્ગિજ નહિ. એ એમના ચારિત્રમોહના ઉદયનું વિષમ પરિણામ છે. ચારિત્રમોહનો ઉદ્દામ ઉત્પાત 'ચેટકરાજા' જેવા પરમાર્હત, શ્રાવકશિરોમણિને પણ સમરભૂમીના આંગણે ભયંકરમાં ભયંકર કત્લેઆમ ચલાવવા ઉતારે,

---

૧ શાસ્ત્રીય દૃષ્ટિએ 'અનન્તાનુબન્ધી' વિષેનું લેખકના ખ્યાલમાં છે એ વાચકે ધ્યાનમાં રાખવું.

૨ " दशार्हैर्न परित्यक्तं यत् पुरा श्रावकैरपि ।
तन्मद्यमनवद्यात्मा × × × × " ॥ १० ॥
( હેમ મહાવીરચરિત્ર, દશમું પર્વ-બારમો સર્ગ )

તો યે તેમની આસ્તિકતાના મહત્ત્વમાં ઉણુપ ન આવે. ચારિત્રમોહની પ્રચંડ જ્વાળા મહાન્ આસ્તિક અને વ્રતધારીઓને પણ મહાહિંસા અને મહારમ્ભની ભીષણ ખાઇમાં ધકેલી મૂકે, ત્યારે પણ નાસ્તિકતાનો ડાઘ તેમને ન લાગે. આ બધું શું? આ બધા ઊહાપોહમાં મનુષ્યની સાદી અક્કલ ન ઉતરી શકે તોયે **નાસ્તિકતાના વર્ત્તમાન કોલાહલને** તો નિસ્સાર સમજવા તૈયાર જ હોય, એટલે પછી હવે વધુ સ્પષ્ટીકરણમાં ઉતરવાની શી જરૂર !

# પણ એ શે મટે ! !

તત્ત્વનિર્ણયની ઇચ્છા કોને ન હોય ? મનુષ્યમાત્ર એને સારૂ વિવિધ વિચાર–પ્રદેશોમાં વિચરણ કરી રહ્યો છે. પરન્તુ એ સાંપડવો સહેલ નથી, દુષ્કર અને મહાદુષ્કર છે. ચિન્તકો એને સારૂ ઘણું ઘણું ચિન્તન કરી ગયા છે અને લખનારાઓ બહુ બહુ લખી ગયા છે. વાદીઓએ વાદ–ભૂમીના મહાન્ અખાડાઓમાં કુશ્તી કરવામાં અને તાર્કિકોએ તર્કના ઘનઘોર જંગલોની સફર કરવામાં કંઇ બાકી રાખી નથી. છતાં પણ જગતૂના ચોગાનમાં તત્ત્વનિર્ણયનો પ્રદીપ

ન પ્રગટ્યો તે નજ પ્રગટ્યો. માનવજાતિનાં જિજ્ઞાસુ માનસ સંશયાલુ ન મટ્યાં તે નજ મટ્યાં. આ શું ?

ચર્ચાઓથી કે વાદ-કથાઓથી તત્ત્વનિર્ણયની ધારણા જો પાર પડી શકતી હોત, તો આટલા વખત સુધીમાં દુનિયાએ તત્ત્વનિર્ણય ક્યારનોય કરી લીધો હોત. શાસ્ત્રવ્યાસંગી મનુષ્ય પણ હજારોને સારૂ જ્ઞાનશાળા ખોલી બેસવા છતાં, અંતઃકરણથી શઙ્કિત, ભ્રમિત, યાવત્ નાસ્તિક સુદ્ધાં હોઇ શકે છે. માનવ-વ્યક્તિને પોતાના અન્તઃકરણ પર તત્ત્વનિર્ણયની જ્યોત પ્રગટાવવામાં ચર્ચાઓ કે વાદ-કથાઓ ઉપયોગી થવાની હરિભદ્રાચાર્ય ચોખ્ખી ના પાડે છે. એ મહાન્ આચાર્ય તત્ત્વસિદ્ધિ, જે આસ્તિકતાનું વિશુદ્ધ સ્વરૂપ છે, તેનો માર્ગનિર્દેશ કરતાં એક માત્ર યોગ ઉપર ભાર મૂકી કહે છે કે—

"एवं च तत्त्वसंसिद्धेर्योग एव निबन्धनम् ।
अतो यद् निश्चितैवेयं नान्यतस्त्वीदृशी क्वचित् "॥
"अतोऽत्रैव महान् यत्नस्तत्तत्तत्त्वप्रसिद्धये ।
प्रेक्षावता सदा कार्यो वाद-ग्रन्थास्त्वकारणम्"॥
"वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ"॥

( યોગબિન્દુ ૬૪-૬૫-૬૭ )

અર્થાત્—તત્ત્વસિદ્ધિ મેળવવાનું સાધન યોગજ છે. યોગથી તત્ત્વસિદ્ધિ નિશ્ચિત થાય છે તેવી બીજાથી થતી નથી. એ માટે એમાંજ ( યોગમાંજ ) તે તે તત્ત્વનો સ્ફુટ પ્રતિભાસ મેળવવા સારૂ પ્રેક્ષાવાને પ્રયત્ન કરવો જોઇએ. એને માટે **વાદના ગ્રન્થો કારણ નથી.** વાદ–પ્રતિવાદ નિશ્ચિત પ્રકારે કરતા મુમુક્ષુઓ પણ તત્ત્વસિદ્ધિ પામી શકતા નથી, જેવી રીતે **ઘાંચીનો બળદ**.

આ ઉપરથી યોગની લાઇન વગરનાઓ તત્ત્વસિદ્ધિના લાભથી વિહીન હોઇ **આસ્તિકતાની** કઇ સ્થિતિ પર હોય, એ પણ વિચારવાની વાત થઇ પડે છે. આસ્તિકતાની આ ઓછી ગહનતા !

પરન્તુ આનો કોઇ એવો અર્થ તો નજ કરે, કે ચર્ચાઓ કે વાદ–કથાઓ નકામી છે, અથવા સમાજને લાભકારી નથી. તાત્ત્વિક ચર્ચાઓ એક પછી એક નિકળ્યા કરે એ સમાજની બૌદ્ધિક તન્દુરસ્તી અને જ્ઞાનગોષ્ઠીપ્રિયતાનું પ્રમાણ ગણાય. જિજ્ઞાસુવૃત્તિ અને ઉદાર આશયથી આરંભાતી મર્યાદાપુરસ્સર જ્ઞાન–ચર્ચાઓ ખરેખર સમાજના જ્ઞાન–ધનને સમૃદ્ધ બનાવે છે, અને મનુષ્યની વિચાર–ભૂમીપર એનાથી બહુ પ્રકાશ પડી શકે છે. એમ છતાંય, તત્ત્વનિર્ણયની

સ્પષ્ટ જ્યોત એ સાધનની સીમા બહાર છે, એમાં તો કહેવુંજ શું. અસ્તુ.

જિન–વચન સાંભળી તેના ઉપર રૂચિ ઉત્પન્ન થવા છતાં, અને ' કર્મકાંડ 'માં મશગૂલ રહેવા છતાં એ રૂચિના પાયા કેટલાકોના એવા ઢીલા હોય છે કે જેને સલામત રાખવા સારૂ ગ્રન્થકારોને અન્ય-દર્શનીનો પરિચય કરવાનું નિષેધવું પડયું છે. આવી મનોરૂચિ કેટલે દરજ્જે આસ્તિકયસમ્પન્ન ગણાય એ સુજ્ઞ વિચારકને સમજવું દુષ્કર નથી, અને એ પણ સમજવું તેમને દુષ્કર નથી કે, પોસહ–પડિક્કમણાં વગેરે કરવા ઉપરથી આસ્તિકતા અને એ ન કરવા ઉપરથી નાસ્તિકતા સમજી લેનારી મનોદશા કેટલી પામર છે " કર્મકાંડ " નાં આચરણ પાછળ હડહડતી દાંભિકતા પણ કવચિત્ હોઇ શકે છે એ કોની જાણ બહાર છે વારૂ ! ત્યારે આસ્તિક–નાસ્તિકતા-નું માપ બહારના દેખાવ ઉપરથી શી રીતે નિકળી શકે ? આસ્તિક–નાસ્તિકતા એ હૃદયનો વિષય છે એ સુજ્ઞ બુદ્ધિની જાણ બહાર નજ હોય. ત્યારે એનું માપ બાહ્ય આચરણ ઉપરથી આંકવામાં કેટલી બધી ઉતાવળ થાય છે એ ડાહ્યા પુરૂષો નહિ સમજતા હશે કે ? કદી દેરાસર નહિ જનાર માણસ પણ નાસ્તિક ન કહી શકાય. એવાનું પણ અન્તઃકરણ આત્મવિશ્વાસ

કે ઇશ્વર–શ્રદ્ધાથી વિભૂષિત હોઇ શકે. "ક્રિયાકાંડ"માં ઉદ્યમવન્ત રહેનારા કેટલાક એવા પણ જોવામાં આવે છે કે જેમનું નૈતિક ચારિત્ર બહુ કલુષિત હોય છે, જ્યારે દેરાસર સુદ્ધાં નહિ જનારા પણ કેટલાક એવા હોય છે કે જેમનું વર્ત્તન પ્રામાણિક અને સદાચારી હોય છે. કેટલાકો એવા સંસ્કારમાં ઉછરેલા જોઇએ છીએ કે જેઓ મૂર્ત્તિપૂજનના સાધનને બહુ ઉપયોગી ન સમજી, પ્રમાદ કે સુસ્તીના યોગે પણ દેરાસર ન જવા છતાં પણ નૈતિક આચરણમાં મર્યાદાશાલી હોય છે, જ્યારે કેટલાકો પોષધ-પ્રતિક્રમણ આદિ ક્રિયાઓમાં ચુસ્ત * હોવા છતાં, વર્ત્તનમાં અપ્રામાણિક, દાંભિક, દગાબાજ અને દુ:શીલ હોય છે. આ ઉપરથી શું સાર નિકળે છે? નાસ્તિક–આસ્તિકતાનું કંઇ એંધાણ? અન્યની મનોવૃત્તિ કંઇ પ્રત્યક્ષ છે કે? બીજાનું આન્તર જીવન સ્પષ્ટ છે કે? નહિજ, ત્યારે અન્ય અન્ત:કરણને નાસ્તિક ઠરાવવાનું સાહસ દુ:સાહસ નહિ કે?

---

* આથી કંઇ ક્રિયાકાંડની નિરૂપયોગિતા સાબિત ન થાય. ક્રિયાકાંડ કરનારાઓ પૈકી કેટલાક એનો શુભ રસ પોતાના જીવનમાં ઉતારી કલ્યાણ કરી જાય છે, જ્યારે કેટલાક, હતા એવા કોરાને કોરા રહી જાય છે. કોઇ, શેલડીમાંથી રસ ન મેળવી શકે એમાં શેલડીનો શો વાંક!

વસ્તુતઃ આત્મ-શ્રદ્ધાન એજ એક આસ્તિકતાનું લક્ષણ છે, જ્યારે અનાત્મવાદ નાસ્તિકવાદ ગણાયો છે. એટલે આત્મવાદી દર્શન-યોગ, નૈયાયિક, સાંખ્ય વગેરે-એક ચાર્વાક સિવાય-આસ્તિક ગણાય. એ દર્શનોને જૈનોએ પણ નાસ્તિક નથી કહ્યાં, બલ્કે + આસ્તિક કહ્યાં છે. જૈન મૂળ સૂત્રોમાં 'નાસ્તિક' વિશેષણનો ઉપયોગ થયો નથી. અર્હદ્-વચનના અપલાપીને સારૂ જૈન-પરમ્પરાનો શબ્દ "નિન્હવ", "ઉત્સૂત્રભાષી" કે "મિથ્યાદષ્ટિ" છે, "નાસ્તિક" નથી. વસ્તુતઃ 'નાસ્તિક' શબ્દનું મૂળ ઉદ્‌ભવ-સ્થાન વૈદિક સંસ્કૃતિ છે. એમ છતાં એ શબ્દ જૈન-જૈનેતર-સાધારણ સમગ્ર હિન્દુ-સંસારના શબ્દકોષમાં દાખલ થઇ ગયો છે. પરંતુ મજહબી ઝઘડાખોરો એ શબ્દને એની મૂળ "રૂઢિ"ના સ્થાનેથી ખસેડી મરજી મુજબ અનિયમિતપણે સંકુચિત અર્થમાં વાપરતા આવ્યા છે, એજ દુઃખની વાત છે.

આત્મવાદીઓમાં પણ માથા એટલા મત હતા અને છે. જૈનોમાં પણ, બીજાઓની વાત ક્યાં કરીએ, એક તપાગચ્છીયોની અન્દર અન્દરજ પુષ્કળ મત-ભેદો પર પાનીયાનાં પાનીયાં લખાયાં પડયાં છે.

---

+ જુઓ ! હારિભદ્ર ષડ્દર્શનસમુચ્ચયનો ૭૭ અને ૭૮ મો શ્લોક.

'ધર્મસાગરજી' અને તેમના પ્રતિપક્ષી "વિજયજી" એોના શાસ્ત્રીય વિચારભેદો પાછળ તે સામસામાં મુનિ-દલોમાં અને તેમના અનુયાયી વર્ગો વચ્ચે કલહ-કોલાહલે જે ભયાનક રૂપ પકડયું હતું તે આજે પણ ઇતિહાસદ્વારા દીવા જેવું સ્પષ્ટ છે. છતાં કોઈએ કોઈને 'નાસ્તિક' કહેવાની તસ્દી ઉઠાવી ન્હોતી. અને કદાચ કોઇ મતાવેશમાં આવી કોઇની સામે તેવો અનુચિત વ્યવહાર કરી નાંખે યા પ્રચલિત જૈન ફિરકાઓને કોઇ 'નાસ્તિક' કહી દે તો તે સ્પષ્ટ બાલ-ચાપલજ ગણાય. કેમકે 'નાસ્તિક' શબ્દ એક માત્ર અનાત્મવાદીનો વાચક છે. અને ચાર્વાકને માટે રૂઢ છે. એ ચાર્વાક મજહબનું * નામાન્તર થઈ ગયું છે. જૈન મૂળ આગમોમાં "નાસ્તિક" × શબ્દનો પ્રયોગ દીઠો નથી. જૈન દૃષ્ટિએ એની

---

* જુઓ, અભિધાનચિન્તામણિ (હૈમકોશ) ના મર્ત્ય-કાંડના ૫૨૬ મા શ્લોકના ચરમ ચરણથી શરૂ થતાં ચાર્વાકનાં નામો—

**'बार्हस्पत्यस्तु नास्तिकः। चार्वाको लौकायतिकश्च।'**

× રાયપ્પસેણીય સૂત્રમાં (આગમોદયસમિતિવાળાના ૧૧૮ મે પાને) 'પ્રદેશી રાજા,' જે આત્માને માનતો ન્હોતો અને વાસ્તવમાં નાસ્તિક હતો, તેને સારૂ સૂત્રકારે જે અધમ

પ્રાચીનતા ભદ્રબાહુ સુધી * જણાય છે.

---

વિશેષણોની ઝડી લગાવી છે, તેમાં "નાસ્તિક" ને પૂર્ણ સ્થાન હોવા છતાં તે શબ્દનો પ્રયોગ ક્યાંય થયો નથી.

* જુઓ ! 'દશવૈકાલિક' સૂત્રની નિર્યુક્તિની ૭૧ મી ગાથા—

"उवलम्भम्मि मिगावइ, नाहियवाई वि एव वत्तव्वो ।
नत्थि त्ति कुविन्नाणं आयाऽभावे सइ अजुत्तं" ॥

આમાં પ્રસ્તુત વિષયને લગતી બીના એ છે કે, નાહિયવાઇને (નાસ્તિકવાદીને) અર્થાત્ ચાર્વાકને એમ કહેવું કે, 'જીવ નથી' એવું કુજ્ઞાન જો આત્મા ન હોય તો થવું ન ઘટે.

આ ગાથામાં 'નાહિયવાઇ' એ નાસ્તિકવાદીનું પ્રાકૃત રૂપ છે. પ્રાકૃતમાં નાસ્તિકનું 'નાહિય' થાય છે. 'આવશ્યક'ની મલયગિરીય ટીકામા (આગમોદયસમિતિવાળીના ૨૧૮ મે પાને) ભગવાન્ 'ઋષભદેવ' સાથેના 'શ્રેયાંસ'ના આઠ ભવોનું વર્ણન આપતાં 'વસુદેવહિંડી'નો પાઠ મૂકયો છે, જેમાં 'મહાબલ'ના એક મિત્રને 'નાહિયવાઇ' (નાસ્તિકવાદી) બતાવ્યો છે, જે આત્મા–પરમાત્મા કંઇ માનતો નથી. 'સમરાઇચ્ચ–કહા'માં ત્રીજા ભવના પ્રકરણમાં બ્રહ્મદત્ત–પરિચારક 'પિંગકેસ' ને, જે આત્મા–પરમાત્માનો અપલાપી છે, હરિભદ્રાચાર્યે 'નાહિયવાઇ' (નાસ્તિકવાદી) લખ્યો છે. 'સુરસુંદરીચરિત્ર'માં નવમા પરિચ્છેદમાં ૨૦ મા કાવ્યની અંદર 'કપિલ'ને, જે જીવ સર્વજ્ઞ અને નિર્વાણ-

ખેદની વાત એ છે કે, વસ્તુસ્થિતિ સમજવા છતાં, કેટલીક વખત આંખ આડા કાન કરી, મતભેદના ઓઠા નીચે પોતાની સંકુચિત અને ક્લિષ્ટ વૃત્તિને પોષવાના આવેશમાં પણ ઓડનું ચોડ ચિતરવાનું બની જાય છે. તેમાંય સાધુ-ધર્મના પોશાકની અન્દર આવી મનોદશા કામ કરી રહી હોય એ વધારે પરિતાપની વાત ગણાય.

હવે જો 'અમર'ના કથન* મુજબ નાસ્તિકતાનો અર્થ 'મિથ્યાદૃષ્ટિ' સમજીએ, તો એ મિથ્યાદૃષ્ટિને પણ સ્પષ્ટ કરવાનું બાકી રહે છે. આત્મ-પરમાત્મ-વિષયક અપલાપ રૂપ મિથ્યાદૃષ્ટિ જો 'નાસ્તિકતા'-થી વિવક્ષિત હોય તો હેમચન્દ્રાચાર્ય વગેરે પણ અનાત્મવાદીને નાસ્તિક બતાવતા હોઇ, અમર સાથે

---

માં માનતો નથી, 'નાહિયવાઇ' (નાસ્તિકવાદી) જણાવ્યો છે.

નાસ્તિકવાદનું પ્રાકૃત રૂપ જેમ 'નાહિયવાય' થાય છે, તેમ 'નત્થિયવાય' પણ થાય છે. જેવી રીતે 'ઉપદેશ-પદ'ની ૧૩૨ મી ગાથાની ટીકામાં મુનિચન્દ્રસૂરિજીએ એક પરિવ્રાજિકાના ધર્મને, જે આત્મા-ઇશ્વરનો નિષેધક છે, 'નત્થિયવાય' (નાસ્તિકવાદ) બતાવ્યો છે.

* "**मिथ्यादृष्टिर्नास्तिकता**" । અમરકોશ, ૧૫૮ મો શ્લોક.

તેમની એકવાકયતા સિદ્ધ થાય છે. નાસ્તિકનો 'શ્રદ્ધા વગરનો' એવો સામાન્ય અર્થ જો કરીએ તો એ 'શબ્દ' એટલો સાદો બની જાય કે તેના ઉપયોગની વિશિષ્ટતા ન રહે. તેનો ઉપયોગ જ્યાં-ત્યાં મામૂલી બની જાય. કંઇ નજીવી સાધારણ વાતમાં પણ જુદા ખ્યાલ બંધાતાં એક-બીજાને 'નાસ્તિક' કહેવાનું સાધારણ બની જાય. અગર અમરોક્ત 'મિથ્યાદૃષ્ટિ'નો અર્થ કોઇ ગમે તે સાધારણ બાબતમાં પણ સંશયિત, ભ્રમિત કે અજ્ઞાનવૃત્તિ કરીએ તો એવી નાસ્તિકતાનો અંત બારમે ગુણસ્થાને જ આવે. અને કેવલજ્ઞાની સિવાય સમગ્ર વિશ્વ પર નાસ્તિકતાનો ડંકો ગડગડે ! આવો સંકુચિત અર્થ તો કોઇ પણ ન કરે. ત્યારે 'સંયમો ભોગવઞ્ચના' જેવા ઉદ્ગારોને ખોટી રીતે આગળ ધરી દુનિયા-ભરને 'નાસ્તિક' કહી નાખવાની બાલચેષ્ટા ઓછી દયાપાત્ર ગણાય ? બ્રહ્મચર્યાદિ-આશ્રમ-વ્યવસ્થા પ્રબોધનાર હિંદુ સંસ્કૃતિ ઉપર "સંયમો ભોગવઞ્ચના"-ની ભાવના પ્રરૂપ્યાનો આરોપ મૂકી અખિલ હિંદુ-જગતને 'નાસ્તિક' કહી નાંખવું એ ઓછો મતિમોહ ગણાય ? દીક્ષા સામે નહિ, પણ દીક્ષાની આધુનિક નિન્દ્ય પદ્ધતિ સામે બળવો ઉઠાવનાર અને શાસન-હિતના ઉદ્દેશે, સમયાનુસાર દીક્ષાપદ્ધતિની પરિશુદ્ધ સ્થિતિ પ્રબોધનાર તેમજ સામાજિક સડાઓને

ફફનાવી દેવાનું તથા સમય-ધર્મ મુજબ વિદ્યા-શિક્ષણ પ્રચારક અને બલાધાયક સંસ્થાઓ પાછળ મુખ્યપણે ધનવ્યય કરવાનું પ્રરૂપનાર જૈન સંસ્કૃતિના પૂજારીઓમાં પણ " સંયમો ભોગવઞ્ચના " ના અધ્યવસાય કલ્પી લઇ, તેમની સામે અનાત્મવાદિ-રૂઢ 'નાસ્તિક' શબ્દ-બાણનો આક્ષેપ કરવો અરણ્યપ્રલાપ જેવું નથી શું ?

જરા ધ્યાન આપવા જેવું છે કે સમયની પરિસ્થિતિ આજે કટ્ટર મતવાદીઓને પણ 'એક' થઈ શક્તિસંગઠન કરવાનું સુણાવી રહી છે. સંસારી જીવનધારીઓ પણ રાષ્ટ્રના ભલા અર્થે પોતાના મતાભિનિવેશ અને આગ્રહ મેલી દઈ, પોતાનું નમતું મૂકી એક-બીજા સાથે ઐક્ય સાધવાનો પ્રયાસ સેવી રહ્યા છે. અન્ય ધર્મોના લબ્ધપ્રતિષ્ઠ આચાર્યો પણ પોતાના બુદ્ધિપ્રદેશને વિશાલ બનાવી પોતાના ધર્મનો વિકાસ સાધવા, પોતાના સમાજને આગળ ધપાવવા જાહેર મેદાનમાં ઝુકી પડયા છે, ત્યારે જૈન કોમના આજના ધર્મગુરૂઓ કઇ સ્થિતિ પર છે ! તેઓ આજે કયાં ઉંઘે છે ! સમય-ધર્મનું કંઇ તેમને ભાન ! 'ક્ષમાશ્રમણ' ગણાતા તેઓને આજે અન્દર અન્દર લડતાં શરમ પણ નથી આવતી ! શાસનને લજવનારા ઝઘડાખોરો સમાજમાં ઝઘડાની હોળી સળગાવીને શાસનને કયાં પટકવા માંગે છે ! શાસનસૂત્રધાર ગણાતા સાધુઓજ

શાસનવિઘાતક પ્રવૃત્તિ વધાર્યે જાય એ ઓછું દિલગીરી-ભર્યું છે ! આ યુગમાં શાસન-સેવાની કેવી સરસ તક મળી છે એ એમને નથી જોવું કે ? ખરેખર, જો સંયુક્ત બળથી રચનાત્મક કાર્ય ઉઠાવાય તો આ યુગ શાસનનો પ્રચાર કરવા માટે મહાન્ અનુકૂળ છે. પણ અંદરના વિખવાદ અને વૈર-વિરોધ એ કરવા દે કેમ ? આ બધાં તોફાન એક માત્ર મનની કડવાશનાંજ છે. અને એ મન પણ કોનું ? "નિર્ગ્રન્થોનું" !- "શ્રમણોનું" !- "મુનિઓનું" ! અજબ ! **એ કડવાશ મટે તો ગાડું હમણાંજ ચિલા પર આવી જાય ! પણ એ શે મટે ! !**

# લીલવણી—સુકવણી વિષે.

અહિંસાનો અભ્યાસી દયાની ન્હાની-સૂની વાતને પણ બનતાં લગી જતી ન કરે. તેના મનોમન્દિરની અન્દર અહિંસાની ભાવનાનો ઉપયોગ સદા જાગરૂક હોઇ, સામાન્ય અને મામૂલી આચરણમાં પણ-ખાવાપીવાની બાબતમાં પણ તેનું પ્રવર્ત્તન દયાદષ્ટિ-પૂત જ હોય.

કન્દમૂળ કે લીલોતરીના ત્યાગ વિષેનો ઉપદેશ જૈનોમાં સામાન્ય રીતે ઠીક પરિણમ્યો ગણાય. વાત માત્ર એટલીજ વિચારવાની હોય કે, પ્રવૃત્તિમાત્રમાં વિવેકના અધ્યક્ષપણાની બહુ જરૂર છે. વિવેકની

ગેરહાજરીમાં ઘણી વખત ધર્મ્ય ગણાતું કાર્ય પણ વિપર્યસ્ત દશાને પામી જાય છે. ઉદાહરણાર્થ, પ્રભુ-ભક્તિમાં દીપ–ધૂપ–પુષ્પાદિ ઉપચારોને અંગે જો વિવેકની ખામી હોય તો તે ભક્તિરૂપ ગણાતું કાર્ય પણ કર્મબન્ધરૂપ થઈ પડે. પ્રભુ–સમક્ષ ખુલ્લા રાખેલા દીવા જીવહિંસાના માર્ગે કર્મબન્ધનનાં કારણ થાય. ગેરરીતે ફૂલોના ઢગ કરવામાં અને સોય ઘોંચીને ફૂલોની માળા બનાવવામાં પ્રભુભક્તિ થવાને બદલે પ્રભુભકિતનું ભંજન થાય. પ્રભુભક્તિમાં પણ જેમ જયણાનો ઉપયોગ રાખવાનું ખાસ ફરમાન છે, તેમ દરેક કાર્યમાં વિવેકવિભૂષિત ઉપયોગ રાખવાની જરૂર છે. અને તો જ કલ્યાણલાભ થાય.

વિચાર કરતાં જણાય છે કે લીલોતરીના ત્યાગમાં બે ઉદ્દેશો રહેલા છેઃ એક અહિંસા–રસને પોષવાનો અને બીજો રસેન્દ્રિય પર કાબૂ મેળવવાનો. આ ઉદ્દેશો આત્મકલ્યાણની સડકે પહોંચવામાં સાધનભૂત છે. પરન્તુ જ્યારે લીલોતરીને સુકવીને ભરી રાખવામાં આવે છે ત્યારે એ ઉદ્દેશો પર પડદો પડી જાય છે. તિથિએ કે વગર તિથિએ લીલોતરી ખરીદી લાવી, તેના કકડા કરી સુકવણી કરાય અને પછી તિથિએ લીલોતરીને બદલે તેને આરોગીને દયાધર્મ-

ના પુણ્યલાભ તરફ હાથ પસારવામાં આવે તો એ ચોખ્ખું ભોળપણ નહિ તો બીજું શું ગણાય ?

ગૃહસ્થના ઘરમાં મહેમાન–પરોણા ખાતર કે પોતાને સારૂ જેમ બીજી અનેક ચીજો વસાવવાની જરૂર પડે છે, તેમ સુકવણી પણ રાખવી પડે તો એ સમજી શકાય તેવી બીના છે. પણ સવાલ માત્ર એટલોજ છે કે એમ કરીને લીલોતરીને બદલે તેને વાપરવામાં કંઇ પુણ્યલાભને અવકાશ છે કે કેમ ?

સુકવણી બનાવી તિથિએ ખાનાર પોતાની અન્તરદશાને તપાસે તો તેને જણાયા વગર ન રહે કે લીલોતરીનો રસ તેને એટલો દાઢે વળગેલો છે કે તિથિએ પણ તે રસને અમુક ફેરફાર સાથે આરોગવામાં તેનું મન લોભાયલું રહે છે. આ જ રસવૃત્તિનું એ પરિણામ છે કે તે ભવિષ્યને માટે એકી સાથે મણ–અધમણ કે એથી વધતી–ઓછી લીલોતરી સુકવી નાંખી સુકવણી બનાવે છે. આમ સુકવણી કરવામાં દયાપરિણામ કે રસવૃત્તિનિગ્રહ ક્યાં સમાયો છે એ કોઇ બતાવી આપશે કે ?

તિથિએ લીલોતરી લાવે, સમારે, સુકવે એમાં તો કોઇને કહેવાપણું ન રહે અને એક માત્ર ( લીલોતરી ) ખાવામાં જ દોષ–દૃષ્ટિ ઝબકી ઉઠે એ કેવું નવાઇ જેવું ? આ એક રૂઢ પડી ગયેલા સંસ્કારજ

તો ! પણ મારી નમ્ર બુદ્ધિ તો એમ કહે છે કે, લીલોતરીને સમારી, સુકવી, ભરી રાખીને જીવ-જન્તુઓનું 'અધિકરણ-શસ્ત્ર' બનાવનાર, તેમજ તેની પાછળ મોહ-મૂર્ચ્છાને પોષનાર અને પછી તિથિએ લીલોતરીને બદલે તેનો ઉપયોગ કરવામાં ઔચિત્ય માનનારના કરતાં તિથિએ ખપપુરતી તાજી લીલોતરી લાવીને ઉપયોગ કરનાર ઓછો દોષી છે.

વ્યવહારૂ દૃષ્ટિએ જોઇ શકાય છે કે એક લીલોતરી-ભક્ષક રોજ પાશેર લીલોતરી બજારમાંથી લાવી આરોગે છે, અને બીજો, જે સુકવણી-પ્રિય છે, તેને પણ રોજ તેટલીજ ( પાશેર ) સુકવણીની દરકાર પડે છે. હવે, આ રીતે એક મહીનામાં એ બન્નેમાં લીલોતરીનો વધારે વિરાધક કોણ સિદ્ધ થાય ? લીલોતરીભક્ષકથી મહીનામાં ૭ાા શેરની વિરાધના થશે, જ્યારે સુકવણી-ભક્ષકથી તેથી પ્રાયે ત્રણ-ચાર ગણી લીલોતરીની વિરાધના થશે ત્યારે તેના મોઢામાં ૭ાા શેર પડશે. કેમ, નહિ વારૂ ! ત્યારે વધુ વિરાધક કોણ ? સુકવણી-ભક્ષકજ કે !

સમાજની મનોદશા તો આજે એવી બની ગયેલી જોવાય છે કે, વેપાર-ધન્ધામાં હડહડતાં જુઠાણાં હાંકનાર તરફ પ્રાયે એટલી ઘૃણા નહિ છુટે, જેટલી, તિથિએ લીલોતરી કે બટાટા-ડુંગળી ખાનાર

તરફ છુટશે. ધર્મગુરૂઓની નજર પણ ઘણે ભાગે લીલોતરી કે કન્દમૂળ છોડાવવા તરફ પહેલી જાય છે. જેટલી કાળજી લોકોને કન્દમૂળ વગેરે છોડાવવા તરફ તેઓ ધરાવે છે તેટલી જો સત્ય–સદાચારના પ્રચાર ભણી ધરાવવા માંડે તો જન–સમાજ પર તેમનો કેવો મ્હોટો ઉપકાર ઉતરે !

મારી સમજણ પ્રમાણે, કન્દમૂળ ખાનાર માણસ પણ જો પ્રામાણિક અને સદાચારી છે તો તેનું સ્થાન તે માણસથી ઘણું ઉંચું છે કે જે એક બાજુ કન્દમૂળનો ત્યાગ કરવા છતાં બીજી બાજુ અપ્રામાણિક અને જૂઠા વ્યવહાર ચલાવવામાં રચ્યો–પચ્યો રહે છે.

મ્હારા આ ઉદ્ગારો પરથી વાંચનાર કોઇ એમ ન સમજી લ્યે કે, લીલોતરી કે કન્દમૂળ તરફ હું નમતું કે ઢીલું મૂકી રહ્યો છું. નહિ, જેટલો સંયમ કેળવાય, જેટલો ત્યાગ સેવાય તેટલું વિશેષ કલ્યાણ છે એ વાત નિશ્ચિત છે, એ વાતની કોઇ ‘ ના ’ પાડી શકે તેમ નથી. માત્ર મ્હારા મન્તવ્યની વિશિષ્ટતા એટલી જ છે કે:—તેના ( લીલોતરી–કન્દમૂળના ) ત્યાગનો પ્રકાશ સત્ય–સદાચારના સૂર્ય સરખા પ્રકાશ આગળ ખદ્યોત સરખો છે.

---

# ઓઘો.

ધર્મની પરાકાષ્ઠા સંપૂર્ણ ત્યાગમાં આવે છે. ધર્મ અમુક હદ સુધી સંસારી કે ભોગી જીવનનો સહચારી હોય છે. ગૃહસ્થ-જીવનમાં ભોગ અને ધર્મ બન્નેનો સહચાર છે. ભોગના સમયમાં ભોગાકાર પરિણામ હોય છે અને ધર્મના સમયમાં ધર્માકાર પરિણામ હોય છે. આમ ગૃહસ્થનું જીવન, ભોગી જીવન અને ધાર્મિક જીવન એમ ઉભયાત્મક હોઈને પણ પોતાના પ્રવાસને આગળ ધપાવવામાં સફળ બને છે.

ધર્મનો સહચાર કેવળ સાધુઓને જ હોય અને ગૃહસ્થના જીવન સાથે ધર્મને લેવા દેવા ન હોય

એમ ભાખવું એ સરાસર મૂર્ખતાભર્યું છે. એવું ભાખવામાં ખરેખર ગૃહસ્થ–ધર્મની વિરાધના કરવાનું પાપ છે.

જે ધર્મનો મિનિંગ 'ધારક' કે 'ઉદ્ધારક' થાય છે, તે ધર્મની રોશની ગૃહસ્થ–જીવનધારીના ચેહરા ઉપર પણ પ્રકાશમાન થઇ શકે છે. સંસારવર્તી ગૃહસ્થ પણ પોતાની કર્ત્તવ્યશીલતાના પ્રતાપે 'ધર્માત્મા' ના તેજસ્વી પદ પર આરૂઢ થઇ, પોતાની પ્રભાવશાલિની જીવન–પ્રભાથી જગતને આલોકિત કરી મૂકે છે.

ન્યાયપુરસ્સર ધનોપાર્જન, પત્નીવ્રત (સ્ત્રીને અંગે પતિવ્રત), ઇશ્વર–પ્રણિધાન, દાન, તપ, પરોપકાર, નમ્રતા, નિર્લોભતા, સદ્ભાવના અને વાગ્ગુપ્તિ એ દશવિધ ધર્મને ગૃહસ્થ–જીવન સાથે મહાન્ સહચાર છે. એ ધર્મરૂપી 'સર્ચલાઇટ' જેમના જીવન-માર્ગ પર અજવાળુ નાંખી રહી છે એવા ગૃહસ્થો પણ મહાત્માના પદ પર આસીન હોઇ, વંદનીય, સ્તવનીય હોય છે. સુતરાં, ગૃહસ્થક્ષેત્ર પણ ધર્મક્ષેત્ર છે.

ત્યાગ–માર્ગ કેવળ ઓઘામાં જ છે અને ઓઘા વગર આત્મ–વિકાસનો માર્ગ કોઇ પણ રીતે નજ સાંપડે, એમ જો કોઇ કહેતા હોય તો એ તેઓની ગેરસમજ છે. ઓઘા વગર પણ અનેકાનેક આત્મજીવન જીવ્યા છે અને આત્મ–વિકાસની પૂર્ણ દશાએ પહોંચ્યા

છે, જ્યારે એથી વિપરીત, **ઓઘાધારક પણ કેટલાક મરીને ઘોર દુર્ગતિના ભાજન થયા છે.** ગુણસ્થાનોનો વિકાસ ઓઘા સાથેજ બંધાયલો છે એમ કંઇ નથી. ઓઘાધારક પણ પહેલા ગુણસ્થાનકમાં ફરતો હોય અને માથે પાઘડી, ટોપી કે ફાળીયું ચઢાવેલ પણ આત્મ–શ્રેણીના મનોહર નંદનવનમાં રમણ કરી રહ્યો હોય એમ શું નથી બનતું કે ? માથા ઉપરની પાઘડી જેને ' ગૃહસ્થ ' બતાવી રહી હોય તેજ અંદરખાને શ્રમણ, સાધુ પણ હોઇ શકે. અને એથી ઉલટું, ઓઘાથી સૂચવાતો મુનિ અંદરખાનેથી ગૃહસ્થ કરતાં પણ નપાવટ પ્રાણી હોઇ શકે.

ગમે તે રીતે કેવળ ઓઘામાંજ ત્યાગ સમાયાની રાડ પાડવા કરતાં, ચારિત્રમાંજ કલ્યાણ–સાધન રહ્યાનું ઉપદેશવું વધુ ડહાપણ ભરેલું છે. ઓઘો ગ્રહણ કરવાની સ્વાર્થપોષક વાત તરફ આંખમીચામણાં થવા સંભવ છે, પણ ચારિત્રસંપન્ન થવાનો ઉપદેશ ખરેખર આવકારદાયક ગણાશે. ટાણે–કટાણે ઓઘાની અર્થશૂન્ય પુષ્ટિથી એકદેશીયતા, સ્વાર્થપરાયણતા, લોભગ્રસ્તતા, મોહમુગ્ધતા અને વસ્તુતત્ત્વાનભિજ્ઞતાનાં હાસ્યાસ્પદ પ્રદર્શને‌ા ખુલ્લાં પડી જાય છે, જ્યારે સંયમ અને ચારિત્રની ભાવમયી પુષ્ટિ હજારો

લોકોનાં હૃદય પર એક દિવ્ય પ્રકાશ રેડે છે. ઉપદેશકની ઉપદેશકતાનું મહત્ત્વ ચારિત્રમય જીવન પ્રત્યે જનતાનાં માનસ વાળવામાં છે. સદ્‌વર્ત્તન અને ભાવવિશુદ્ધિ પરિણમતાં, ચારિત્રના ઉત્કૃષ્ટ સ્ટેજ પર આવવાનો ભાવોલ્લાસ જ્યારે જેને પ્રગટી નિકળશે ત્યારે તે ઓઘા–વેષને ગ્રહણ કરવા ઉજમાળ હૃદયે બહાર આવશે. આ રીત ધ્યાનમાં લેવા જોગ છે. ઓઘા–વેષની કિંમત કોઈથી ઘટાડી શકાય તેમ તો નથીજ. એ, કલ્યાણમયી ચારિત્ર–સાધનાનું ચિન્હભૂત શુભ ઉપકરણ છે. ઓઘો લીધા છતાં જેઓ આત્મવિડમ્બના કરી દુર્ગતિના અતિથિ બન્યા છે, તેમાં ઓઘાનો વાંક તો બેવકૂફમાં બેવકૂફ પણ ન કાઢી શકે. કોઇ, સાધનભૂત વસ્તુથી લાભ ન ઉઠાવે તો એમાં એ વસ્તુનો શું અપરાધ ? કોઇ શેલડીમાંથી રસ ન મેળવી શકે એમાં શેલડીનો શું વાંક !

# પ્રશ્નોત્તરો.

એક ભાઈ મને પ્રશ્ન પૂછે છે, જે ઉત્તરો સાથે અહીં પ્રગટ કરૂં છું:—

પ્ર૦—સાધુના વ્યાખ્યાનને ' પ્રવચન ' કહી શકાય ?

ઉ૦—હા, કહી શકાય. ગૃહસ્થનાં વ્યાખ્યાન પણ પ્રવચન કહેવાય છે.

પ્ર૦—રાત્રિભોજન કરતાં જૈનત્વ કે શ્રાવકત્વ ચાલ્યું જતું હશે ?

ઉ૦—ના, ન ચાલ્યું જાય. પણ તેમાં દોષ છે.

પ્ર૦—કન્દમૂળ ખાતાં જૈનત્વ કે શ્રાવકત્વ ચાલ્યું જતું હશે ?

ઉ૦—ના, ન ચાલ્યું જાય. પણ તેમાં દોષ છે.

પ્ર૦—જૈન એટલે ?

ઉ૦—અર્હન્ દેવનો ભક્ત.

પ્ર૦—એવો ભક્ત વિરતિ વગરનો પણ હોઇ શકે ?

ઉ૦—હા, હોઇ શકે.

પ્ર૦—એવાને કયું ગુણસ્થાન હોય ?

ઉ૦—ચોથું.

પ્ર૦—શ્રાવક કેટલી જાતના ?

ઉ૦—બે જાતના, વિરતિવાળા અને વિરતિ વગરના.

પ્ર૦—ગૃહસ્થ, ભાવનાબળને યોગે છઠું–સાતમું ગુણસ્થાન ફરસી શકે ?

ઉ૦—ફરસી શકે. એટલું જ શા માટે, ચોથા 'આરા' જેવા ટાઇમમાં બારમું પણ ફરસી શકે અને કેવલજ્ઞાન મેળવી લ્યે.

પ્ર૦—ઓઘા વગર પણ સર્વ–વિરતિ–ચારિત્રનો લાભ મળી શકે ?

ઉ૦—હા, મળી શકે.

પ્ર૦—આજકાલ દશ–બાર વર્ષ જેવી કાચી ઉમ્મરવાળાને દીક્ષા અપાય છે અને એવી દીક્ષાના સમર્થન માટે પ્રયાસ ચાલે છે, તે વિષે આપનો મત શું છે ?

ઉ૦—મારા નમ્ર મત પ્રમાણે તો એવી કાચી ઉમ્મરવાળાને દીક્ષા આપવાનો પ્રયાસ ગેરવ્યાજબી છે. એ બાબતમાં પૂર્વકાળનાના દાખલા આપવા અસંગત છે. એ દાખલાઓનો ટેકો આજ અપાય તેમ નથી. શાસ્ત્રોની નોંધનો ખોટી રીતે લાભ લઇને કાચી ઉમ્મરનાં બાળકોને આજે અમે નથી મૂંડી શકતા. એમ કરવામાં એ નોંધનો દુરૂપયોગ થાય છે, એનો ગેરવ્યાજબી લાભ લેવાય છે, એમાં એ શાસ્ત્રનું અપમાન છે. કોઇ નોંધ એવી વિધાયક નથી, કે ગમે તે કાળમાં, ગમે તેવા સંયોગોમાં પણ કાચી ઉમ્મરે દીક્ષા આપવાનું વિધાન કરતી હોય. કોઇ કાળમાં બનનાર વસ્તુની છેલ્લા દરજ્જાની કોઇ છેલ્લી નોંધ જોઇ પોતાની ચેલા—ચાપટ વધારવાની કલ્ઙ્ઘિચ્છા પોષવા મંડી જવું બહુ ખોટું છે. આ કાળમાં એવી દીક્ષાનો વિચ્છેદ તો કોણ કહે ? પણ એ કાર્ય જ્યારે દરેક કાળમાં વિરલજ બને છે, તો આ મહાવિષમ કાળમાં તો ‘ જાતિસ્મરણ ’ જેવા ભાવોની જેમ ખાસ કરીને વિશેષ વિરલ હોય એ સાદી અક્કલથી પણ સમજી શકાય તેમ છે. વિરલના સંપાદક પણ વિરલાજ હોય વિરલ કાર્ય વિરલાથીજ સધાય. એનો રાઇટ ‘ દેવચન્દ્ર, ’ ‘ હેમચન્દ્ર ’ જેવાઓનેજ હોય. એવી કાદાચિત્ક વસ્તુને સાધારણ બાબત માનવી—મનાવવી ઠીક નથી, શાસ્ત્રવિરૂદ્ધ, સમયવિરૂદ્ધ, અનુભવવિરૂદ્ધ અને યુક્તિવિરૂદ્ધ છે.

પ્ર૦-દેરાસરમાં જે ચામરો વપરાય છે તે 'ચમરી' ગાયોનાં પૂંછડાં કાપીને તૈયાર કરવામાં આવે છે. એટલે એ ચામરો પાછળ હજારો-લાખો ગાયોનાં પૂંછડાં કાપી નાખવામાં આવે છે, અને કેટલીક વખત તો એ ગાયોના પ્રાણ પણ નિકળી જાય છે. તો આ રીતના ચામરો દેરાસરમાં ઉપયોગમાં લેવા વ્યાજબી છે?

ઉ૦—ના, વ્યાજબી નથી, એમાં હિંસા છે; પંચેન્દ્રિય-વધનું મ્હોટું પાપ છે. દયાળુઓએ તેવા ચામર દેરાસરમાં હર્ગિજ ન રાખવા જોઈએ. બીજી રીતની બનાવટના ચામરોથી કામ લઈ શકાય.

પ્ર૦—જે રેશમ જીવહિંસાથી પેદા થાય છે તે વાપરવાનું શાસ્ત્રકારનું ફરમાન હોય ખરૂં?

ઉ૦—ન હોય. કેમકે તેઓ અહિંસાવાદી હોઈ હિંસાનો રસ્તો લેવાનું કદી ફરમાન ન કરે.

પ્ર૦—જીવન-વિકાસના મૂળ પાયા તરીકે આપ શું પ્રબોધો છો?

ઉ૦-આરોગ્ય, સંયમ, વ્યાયામ અને સુશિક્ષણ.

# ભવદેવની દીક્ષા.

ભવદેવનો મોટો ભાઇ ‘ ભવદત્ત ’ છે. ભવદેવની તેના પર પરમ ભક્તિ છે. ભવદેવનું ભ્રાતૃભક્ત હૃદય ભવદત્તને ખૂબ જાણવામાં છે. દીક્ષાના કાર્યમાં–ભવદેવને મૂંડવામાં આ ભ્રાતૃભક્તિનો લાભ ભવદત્તે લીધો હોય એમ સ્પષ્ટ “ પરિશિષ્ટ–પર્વ ”ના શ્લોકો પરથી જણાય છે. ભવદત્તને ખબર છે કે, ભવદેવ તેની વાતને અનિચ્છાએ પણ સ્વીકારી લે છે. ભવદેવની નરમાશ, દાક્ષિણ્યતા અને ભક્તિભીની લાગણીજ તેને દીક્ષિત કરવામાં ભવદત્તને ઉપયોગી થઇ પડી છે. ખરેખર, તેની કોમળ, દાક્ષિણ્ય, ભદ્ર

અને ભક્તવૃત્તિનો લાભ લઇને તેની દીક્ષા સધાયલી છે. ભવદત્તે અગાઉથી જ બીજા સાધુ સાથેની સ્પર્ધામાં-બીજા સાધુએ કરેલા વ્યંગમય ટોણા પર પોતાના ભાઈને મૂંડવાનું બીડું ઝડપ્યું હતું. ભવદત્ત મહારાજ ભવદેવને ખેંચવાના ઇરાદાથી જ્યારે તેના ઘરે આવે છે, ત્યારે ત્યાં ભવદેવનો લગ્નોત્સવ ચાલી રહેલો જુએ છે. મહારાજને જોતાં સગાં-સંબંધીઓ એકદમ તેમને પગે લાગવા દોડી આવે છે. અને પછી તેઓ તેમને આહાર વહોરાવે છે. ભવદેવ પણ પોતાની નવ-વધૂને શણગારતો મૂકીને ભવદત્તની પાસે આવે છે અને તેમના પગમાં પડે છે.પગે લાગીને ઉઠતાંની સાથે જ તેના હાથમાં મહારાજ પોતાનું ઘીનું ભાજન પકડાવે છે, અને પોતાની સાથે ચાલવા તેને સંકેતે છે. સ્વજન-વર્ગ તો મહારાજની પછવાડે થોડે-ઘણે દૂર સુધી જઈને પાછો વળે છે, પણ ભ્રાતૃભક્ત ભવદેવથી પાછું વળાતું નથી. મુનિ મહારાજ તેના હાથમાંથી ઘૃતભાજન લે નહિ, અને એ ભાઇ પણ તેમને તેમનો બોજો સોંપીને વિદાય થઇ શકે નહિ. આખર તે બન્ને ગુરૂ મહારાજની પાસે પહોંચે છે. ક્ષુલ્લકો વાંકા હોઠ કરીને વ્યંગ્યમાં મશ્કરી કરતાં કહે છે કે, મુનિજી પોતાનું વેણુ રાખવા દિવ્યવેષધારી એવા પોતાના ભાઇને દીક્ષા આપવા સારૂ ઠીક લઈ આવ્યા છે ! સૂરિજી ભવદત્તને

પૂછે છે કે, આ તરૂણ કોણ છે ? ત્યારે ભવદત્ત એક-દમજ એને દીક્ષાર્થી તરીકે જાહેર કરે છે ! ભવદત્ત મહારાજની મનોદશા અહીં સ્પષ્ટ થઈ જાય છે. **જબરન ગળે પડવા જેવી વાત** ! ભાઈની સાથે કંઇ વાત કે ચીત થઇ નથી, દીક્ષા બાબતનો સ્વપ્નામાંય ખ્યાલ નથી, છતાં, આ આક્રમણ ! સૂરિજી ભવદેવને તેનો ઇરાદો જાણવા પૂછે છે કે, કેમ, દીક્ષા લેવી છે ? ત્યારે ભવદેવ, ભાઇ જુઠો ન ઠરે એટલા સારૂ દીક્ષાની “ હા ” પાડે છે. પછી સૂરિજી મહારાજ તેને દીક્ષા આપી દે છે, અને તેજ વખતે બીજા બે સાધુઓ સાથે તેને (ભવદેવને) અન્યત્ર વિહાર કરાવી દે છે.–એટલા માટે કે રખેને કુટુંબીઓ આવીને એને પાછો ઉઠાવી જાય ! હવે આ તરફ ભવદેવની ગોતાગોત ચાલી રહી છે. તેના સગા–સંબન્ધીઓ તેને શોધવા નિકળે છે. ભવદત્તની પાસે આવીને તેઓ કાલાવાલા કરતા ભવદેવની માગણી કરે છે. તેઓ મહારાજને કહે છે કે–આપની સાથે સાથે તે આવ્યો હતો, અમને મૂકીને–પૂછ્યા વગર એ ક્યાંય જાય એવો સંભવ નથી. માટે મહેરબાની કરીને અમને બતાવો ! ભવદેવ ક્યાં છે ? ત્યારે ભવદત્ત મહારાજ ચોખ્ખું–મૃષાપૂર્ણ પરખાવી દે છે કે—‘ અમને ખબર નથી. જેવો આવ્યો હતો તેવોજ રવાના થઇ ગયો હતો. ’ આથી એ બીચારા નિરાશ

થઇ વીલે મોઢે, ચોરથી લૂંટાયા હોય તેની જેમ પાછા જાય છે. કેટલું કરૂણ દશ્ય ! ભવદેવના એક રૂંવાડામાં પણ દીક્ષાની ભાવના નથી. ભાઇની દાક્ષિણ્યતાથી ભવદેવ દીક્ષા–વેષ પહેરે, તેના ઉપર દીક્ષાનો બોઝો આવી પડે, શરમાવીને તેના ઉપર એકદમ–અણુધારી ' દીક્ષા ' લદાય એ બધું શું ? એ રંગ–બેરંગી ચિત્ર માનસશાસ્ત્રીને સમજવું કઠિન નથી.

'દીક્ષા'માં સપડાઇને ભવદેવ બહુ આકુળ–વ્યાકુળ થાય છે. તેને તેની નવોઢા વધૂનો વિયોગ બહુ સાલે છે. કેવળ ભાઇના માનની ખાતરજ દીક્ષાનો બાહરી આચાર પાળે છે. બાકી તેનું આન્તર જીવન તો દીક્ષાથી શૂન્ય છે. તેનું હૃદય મોહ–વાસનાથી તપી રહ્યું છે.

હવે જ્યારે ભવદત્ત મહારાજ કાળધર્મ પામે છે ત્યારે ભ્રાતૃબન્ધન છૂટી જવાથી ભવદેવ ઘર તરફ પ્રયાણ કરે છે. લાંબા કાળે ' નાગિલા' ને મળે છે. પરિવર્ત્તન બહુ થઇ ગયું છે. સદ્ભાગ્યે સંસ્કારવતી 'નાગિલા'–ના સદુપદેશના પરિણામે ભવદેવ મુનિ પાછા તુરતજ મુનિધર્મ પર સ્થિર થાય છે. હેમચન્દ્રાચાર્યે " પરિશિષ્ટ–પર્વ "માં વર્ણવેલા આ કથાભાગ

પરથી ભવદેવની દીક્ષાનું ચિત્ર કેવું વિચિત્ર ખડું થાય છે એ વિચારકો વિચારી લ્યે.

ભવદત્તે જ્યારે સૂરિજીની આગળ ભવદેવને દીક્ષાર્થી જાહેર કર્યો તે જ વખતે ભવદેવે પોતાનો આન્તરિક અવાજ સ્પષ્ટ રજુ કરવો જોઇતો હતો. તેણે પોતાની દીક્ષા વિષેની અનિચ્છા બતાવી હોત અને એમ છતાંય જો તેને દીક્ષા અપાઇ હોત તો આપનાર જરૂર મ્હોટા ગુન્હેગાર ગણાત. પણ ભાઇની દાક્ષિણ્યતામાં આવીને મન વગર પણ–મરજી-વિરૂદ્ધ પણ જ્યારે ભવદેવ પોતે જ દીક્ષા લેવાની 'હા' પાડે છે, પછી એમાં દીક્ષા દેનાર સૂરિનો શો દોષ ! દોષ એટલો ગણાય કે, હજુ લગ્નોત્સવ જેનો ચાલી રહ્યો છે એવા તરતના પરણેલાને દીક્ષા આપતા પહેલાં તેમણે વિશેષ નિરીક્ષણ ન કર્યું. અને, સ્વજન- સમ્બન્ધીઓથી છાની રીતે અપાયલી દીક્ષાની સલામતી માટે તેને (ભવદેવને) બીજે ઠેકાણે, ખબર ન પડે તેવી જગ્યાએ ખસેડવામાં માયા-પ્રપંચ કર્યાનું તો ઉઘાડું જ છે ને !

ભવદેવના સગા–સંબન્ધીઓનો ભવદત્ત મહારાજ ઉપર પણ એટલો ભક્તિ–રાગ હતો કે ભવદેવને સારૂ ભવદત્તની સાથે તેઓ ઝઘડામાં ન ઉતરતાં કે

બીજી કંઇ ધાંધલ ન મચાવતાં તેમની પાસેથી સીધા ઘર ભણી વિદાય થઇ ગયા.

વાચક! જોઇ દીક્ષાની કરામાત! મોહાડમ્બર ભલભલાને પણ કેવો ભૂલાવે છે, એ આ ઉપરથી જોઇ શકાય.

# ભગવાન્ મહાવીર સ્વામીનું

## અનેકાન્ત-દર્શન.

મહાવીરનું શાસન એટલે અનેકાન્ત-દર્શન. જ્યાં એકાન્તનો કદાગ્રહ હોય ત્યાં મહાવીરનું શાસન જ નથી. મહાન્ તપશ્ચર્યા પછી મહાવીરને જે સત્ય પ્રગટ થયું છે તેમાં અનેકાન્ત-દૃષ્ટિનો પ્રકાશ પૂર્ણરૂપે ઝગમગે છે. જગતને એ મહાન્ દૃષ્ટિ સમજાવવામાં પણ મહાવીરે કશી મણા નથી રાખી. એનાં મૌલિક પ્રવચનોમાં એ સિદ્ધાન્તની જ્યોત ખૂબ જ ઝળહળી રહી છે. છતાંય એના પૂજારીઓ આજે એને

નિહાળવામાં પણ અસમર્થ થઇ પડયા છે. એના કહેવાતા પ્રવચનધરોની મનોદશા પર પણ એકાન્તમતનાં પડલ ચઢી ગયાં હોય એમ એમની કાર્યવાહી પરથી જોવામાં આવે છે. જે અનેકાન્ત-દર્શન જગતની અશાન્તિને દૂર કરવા માટે મહાવીરે પ્રકાશ્યું હતું, જે અનેકાન્ત-દર્શન જગતમાં મૈત્રીભાવની ભાવનાને બદ્ધમૂળ કરવા માટે મહાવીરે પ્રરૂપ્યું હતું તે અનેકાન્ત-દર્શન પર આજે જાણે સમાજમાં મ્હોટો પડદો પડી ગયો ન હોય એવું સખેદ જોવામાં આવે છે.

અનેકાન્ત-દર્શનની મહત્તા અને ઉપયોગિતા બતાવતાં મેં મારા "જૈનદર્શન" માં લખ્યું છે કેઃ—

"વિચારોની અથડામણને લીધે જ્યારે પ્રજાનાં માનસ ક્ષુબ્ધ બને છે અને વાતાવરણ અશાન્ત બને છે, ત્યારે તત્ત્વદર્શીઓ પ્રજાની સામે 'સ્યાદ્વાદ'નો પ્રકાશ ધરે છે અને વસ્તુસ્થિતિને જુદી જુદી દૃષ્ટિએ અનેક રીતે તપાસી સમન્વય કરવાનો માર્ગ સમજાવે છે. સ્યાદ્વાદનો સિદ્ધાન્ત, આ રીતે અવલોકન-દૃષ્ટિને વિશાળ બનાવે છે અને સંકુચિત દૃષ્ટિથી ઉત્પન્ન થનારા કોલાહલોને શમાવે છે. આમ, રાગ-દ્વેષના ભડકા શમાવી જનતામાં મૈત્રીભાવ રેડવામાં

સ્યાદ્વાદની ઉપયોગિતા છે. જૈન ઉપદેશનું રહસ્ય એક જ છે અને તે રાગ—દ્વેષની નિવૃત્તિમાં છે. એ એક જ માત્ર જૈન પ્રવચનનું મુખ્ય ધ્યેય છે.”

આ ધ્યેય આજના જૈન ગુરૂઓના જીવનમાં કેટલું રમી રહ્યું છે ! જે ગુરૂઓનાં પનોતાં પગલાં ઠેર ઠેર ઝઘડાની હોળી સળગાવી મૂકે, જેમની કજીયાખોર મનોદશામાંથી નિકળતાં એકાન્ત—મૂઢ પ્રવચનો ભોળી પ્રજાને ઉશ્કેરી મૂકે અને એવા ભોળાઓને હથિયાર બનાવી જેઓ સામાવર્ગને ગાળો ભાંડવામાં અને ધર્મ—માર્ગના એક પંથીડા ફક્ત પોતાને જ માનવા—મનાવવામાં અને પોતાનો નવો વાડો વધારવાનું જોર બતાવવામાં બહાદુરી માને, તેમનાથી અનેકાન્ત—દર્શનનો મહિમા પ્રસરવાની આશા શી રીતે રાખી શકાય ?

કદાગ્રહના ઘોર અંધારામાં આથડતા અને ઇર્ષ્યાદ્વેષની ભઠ્ઠીમાં સેકાતા ‘ સાધુઓ ’ પોતે જ દુર્ગતિમાં ધસી રહ્યા હોય તે બીજાનું શું ભલું કરી શકવાના હતા ! એવા કમનસીબ ગુરૂઓ હમેશાં દુનિયાને શ્રાપરૂપ જ લેખાયા છે.

હરેક સમજદાર આજે ચોખ્ખું જોઇ રહ્યો છે કે, આજના સમાજમાં ચાલી રહેલા ધાર્મિક

ઝઘડાઓનું મૂલોદ્ગમ-સ્થાન સાધુઓ છે. તેમનામાં સમન્વયવાદનો જો અભ્યાસ હોત તો સમાજમાં આ બખેડા ઉભા થવા ન પામત.

સમન્વય, અવિરોધ, સાધન, અને ફળ એ ક્રમ છે. જ્યાં સમન્વય-દૃષ્ટિ છે ત્યાં સ્યાદ્વાદ છે. અને ત્યાં વિરોધવૃત્તિ શમી જાય છે. એટલે પછી સાધન-માર્ગ સાંપડે જ અને ફળ મેળવાય જ.

દુનિયાના આધ્યાત્મિક દર્દનું મુખ્ય નિદાન મહાવીરને " એકાન્તદૃષ્ટિ "ની વિષમતામાં જણાયું અને તે રોગનિદાનનો ઉચ્છેદ કરવામાં તેમનો પુરૂષાર્થ જયવંત નિવડયો છે. "એકાન્ત"-**ની બીમારીમાં સબડતી દુનિયા પાસે તે મહાપુરૂષે " અનેકાન્ત " ની ઔષધિ મૂકી.** એ મહાન્ તત્ત્વવાદ એકાંગી દૃષ્ટિબિન્દુ પર રચાયલા પ્રવાહોમાં ખળભળાટ મચાવે છે, જબ્બર ક્રાન્તિ પેદા કરે છે. " અનેકાન્ત " ના ઉજ્જવળ સિદ્ધાન્તની સામે એકાંગી પ્રવાહો બધા ફિક્કા પડી જાય છે. મહાવીરનો અનેકાન્તવાદ જગત્‌ને સામ્યવાદનું શિક્ષણ આપે છે. અનેકાન્ત-વાદના ઉદ્ભવ સાથે સામ્યવાદનો સંબંધ વિચારવા જેવો છે. " અનેકાન્ત " નો પાઠ જગતની ભિન્ન ભિન્ન જણાતી વિચારસરણીઓને ભિન્ન ભિન્ન

અપેક્ષાદૃષ્ટિએ સમન્વયના ધોરણ પર વિચારવાનું શિખવે છે. આ શિક્ષણ જગત્‌ના કલહ—કોલાહલને શમાવવામાં અને રાગ—દ્વેષની બળતરાને ઠારવામાં મહાન્ ઉપયોગી નિવડે છે. સ્યાદ્વાદની પાછળ આ સામ્યવાદનું રહસ્ય છે. સ્યાદ્વાદના અભ્યાસ—પાઠમાં અપેક્ષાવાદ અને સમન્વયવાદનુંજ વિવેચન છે. અને એમાંથી સામ્યવાદનું સુન્દર પરિણામ નિપજે છે. એટલે એ ત્રણે ( અપેક્ષાવાદ, સમન્વયવાદ અને સામ્યવાદ ) સ્યાદ્વાદનાં યા અનેકાન્તવાદનાં નામાન્તર થઈ પડયાં છે.

જગત્‌ના છૂટા છૂટા વિશૃંખલ વિચાર—સૂત્રોને રીતસર સુયોજિત કરી, સમન્વય-દૃષ્ટિએ સંગઠિત કરી તે બધાને અંગે ચાલતી તકરારોને હોલવવી અને પ્રજાનાં ઉકળતા માનસ પર શાંત રસનું સિંચન કરવું એ અનેકાન્તવાદનો સિદ્ધાન્તપાઠ અને પ્રયોજન-પાઠ છે. મહાવીરનો આ પદાર્થપાઠ કેટલો મહત્ત્વ-પૂર્ણ છે એ **આજના અલ્પાભ્યાસી અને દુરાગ્રહી ગુરૂઓ ક્યારે સમજતા થશે ?** ક્યારે તેઓ એ મહાન્ પાઠને હૃદયંગમ કરી પ્રજાના ઉકળાટ પર શાંત—સુધાની રસધાર વરસાવશે ? જગત્‌ને શાન્તિનો મન્ત્ર સુણાવતાં મહાવીર સ્પષ્ટ વદે છે કેઃ—

"पुरिसा ! सच्चमेव समभिजाणाहि !
सच्चस्य आणाए से उवट्ठिए मेहावी मारं तरइ।"

( આચારાંગ )

અર્થાત્—હે મનુષ્યો ! સત્યને સમજો ! સત્યની આજ્ઞા પર ખડા થનાર મેધાવી મૃત્યુને તરી જાય છે.

કોઇની સાથે પણ વિરોધભાવ ન કરવા માટે ભગવાન્ ફરમાવે છે કેઃ—

"पभू दोसे निराकिच्चा न विरुज्झेज्ज केणइ ।
मणसा वयसा चेव कायसा चेव अंतसो" ॥

( સૂત્રકૃતાંગ )

અર્થાત્—મનથી, વાણીથી, કાયથી કદી કોઈ ઉપર દ્વેષ કરીશ માં–વિરોધ કરીશ માં.

ભગવાનનું અનેકાન્તવાદી શાસન **એકલા ઓઘામાંજ મુક્તિ બતાવતું નથી.** પણ 'પન્નવણા' વગેરે પ્રવચનોમાં ભગવાનની આજ્ઞાનું પ્રવચન એટલું વિશાળ ઝળકે છે કે કોઈ પણ દર્શનકાર જો નિષ્પક્ષ ભાવથી જુએ તો ભગવાનના શાસનની નિષ્પક્ષતા અને વિશાલતા ઉપર મુગ્ધ થયા વગર રહેજ નહિ. ભગવાનનું પ્રવચન **પંદર ભેદે મુક્તિ બતાવે છે.** ભગવાન્ ચોખ્ખું ભાખે છે કે, ગમે તે અવસ્થામાં–**ચાહે સાધુનો વેષ હોય**

કે ન હોય, ચાહે ઓઘો હોય કે ન હોય, ચાહે દિગમ્બર હોય, શ્વેતામ્બર હોય, પીતામ્બર હોય, રક્તામ્બર હોય, યા અન્યામ્બર હોય, ચાહે સ્ત્રી હોય કે પુરૂષ હોય, કોઈ પણ માનવ હોય અને કોઇ પણ સ્થિતિમાં હોય, પણ રાગ-દ્વેષથી મુકત થતાં કૈવલ્યસ્થિતિને જરૂર પ્રાપ્ત થાય. મતલબ કે કષાયોથી મુક્ત થવામાંજ મુક્તિ છે. અને કષાયોથી મુક્ત થવાના વ્યાપારમાં "ઓઘો એકાન્તે જોઇએજ, ઓઘા વગર કષાયનાશ થાયજ નહિ" એ માન્યતા એકદમ ભૂલ ભરેલી છે. ઓઘો તો એક બાહ્ય ઉપકરણ છે. ચારિત્ર કંઇ ઓઘામાં નથી, પણ ચારિત્ર આત્મામાં છે. જીવનમાં જો ચારિત્ર નથી, તો એક નહિ પણ એકવીશ ઓઘા બગલમાં મારી ફર્યા કરે તોયે કંઇ ન વળે. ઓઘો ધારણ કરવા છતાં પણ ફરજથી ચુકેલાઓ-લાઇનથી ખસી ગયેલાઓ અનેક મરીને નરક ગતિના મહેમાન બન્યા છે, જયારે ઓઘા વગર પણ અનેકો જીવનશુદ્ધિ મેળવી પરમાત્મપદને પ્રાપ્ત થયા છે. એટલે એ સ્પષ્ટ છે કે, ફકત ઓઘામાંજ ચારિત્ર કે દીક્ષા સમાયાની બૂમ પાડવી એ બાલિશ ચેષ્ટા છે.

ચારિત્ર-સાધનમાં મુખ્ય કાર્ય એકમાત્ર કષાય-

જયનું છે. ઓઘો એ કાર્યથી જ દીપે છે. જ્યાં એ બાબત નથી અને જ્યાં ધીંગામસ્તી છે ત્યાં ઓઘો લજવાય છે–વગોવાય છે અને દીક્ષા નિન્દાપાત્ર થઇ પડે છે. ઓઘો શરીરને વળગીને ચારિત્રની ફરજો યાદ દેવડાવે છે. છતાં ઓઘાધારક એને ન સાંભળે અને એથી વિપરીત ચાલી એનું અપમાન કરે ત્યારે એ વેષવિડમ્બકની કેવી દશા સમજવી ? એની કઇ ગતિ થાય ? જે કંઇ છે તે વસ્તુમાં નહિ, પણ વસ્તુના ઉપયોગમાં છે. વસ્તુનો સદુપયોગ સુપરિણામ અને દુરૂપયોગ દુષ્પરિણામ લાવે છે. ઓઘો લઇને પણ તેનો સદુપયોગ કરાય તોજ કલ્યાણ છે. નહિ તો તેના દુરૂપયોગે અહીં અને પરત્ર જીવનની દુર્ગતિ જ છે. જેને પોતાના આત્મ–કલ્યાણની તમન્ના છે, જે પોતાનું આત્મશોધન કરવામાં સદા સંલગ્ન છે, તે પર–કલ્યાણની પ્રવૃત્તિ પણ બહુ પ્રશમવૃત્તિ-પૂર્વકજ કરે. પર–કલ્યાણનું કામ પણ એ બખેડાથી વેગળો રહીને જ કરે. ચેલા–ચાપટનો મોહ તો એને હોયજ શેનો ! વેષધારીને ચેલા–ચાપટનો મોહ અને સંસારીને છોકરાં–છૈયાંનો મોહ ! શું ફરક ! સાચો સાધુ બીજાને દીક્ષા આપવામાં શિષ્ટતા, સભ્યતા અને વિવેકને નજ ચૂકે. અને એમાંજ શાસનની શોભા છે. **ચેલા–ચાપટના મોહે આંખો મીંચી આંધળીયા કરનાર**

**દીક્ષાની ફજેતી કરાવી શાસન-માલિન્યનાં મહાપાપ બાંધે છે.** દીક્ષાનો ઉમેદવાર સત્યાગ્રહ કરીને પણ વડીલોનાં હૃદય પીગળાવી શકે છે અને એ રીતે **ખુલ્લે આમ** વિજયનાદ સાથે દીક્ષા લઇ શકે છે. આનું નામ તે વીર દીક્ષા. જે માયકાંગલો ચોરી-છુપીથી ભેખ પહેરવા ઉતાવળો થાય છે તે અને તેને ચોરી-છુપીથી ભેખ પહેરાવી દેનારા તેના **અદીકણુ ગુરૂઓ** સમાજનું શું ઉકાળવાના હતા ! શાસનનું શું ભલું કરવાના હતા ! પૂર્વકાળના મહાન્ સન્તોએ બીજાને મુંડવા માટે કયારે પણ દોડાદોડી કરી છે કે ? તેમની સુન્દર ચારિત્ર-સુગન્ધથી ખેંચાઇ સ્વયમેવ " મધુકરો " તેમની પાસે દોડયા-દોડયા આવતા અને **ડંકાની ચોટ સાથે** દીક્ષા ગ્રહણ કરીને આત્મસાધનમાં ઉજમાળ રહેતા. આજે પણ મહાત્મા **ગાંધીજી** જેવા પાસે સેંકડો મનુષ્યો વગર બોલાવ્યે-વગર તેડયે શિષ્ય બનવા દોડયા આવે છે અને તેમના એક બોલ પર મોઢાને-જંગમાં કુદી પડવા-પોતાનાં પ્રાણનાં બલિદાન આપવા હસતે ચેહરે તૈયાર થાય છે. ચારિત્રની સાચી સુગન્ધ હોય ત્યાં **સંતાડી-ભગાડીને દીક્ષા આપવાનું હીચકારૂં કામ થતું જ નથી.** તેમજ ન્હાની ઉમ્મરના-કાચી વયના છોકરાઓને આજના પામર, જક્કી અને અલ્પજ્ઞ સાધુઓ સમજાવી-પટાવીને, ફોસલાવી-

ભ્હેકાવીને દીક્ષા આપી દે છે, તે પણ જુલ્મભરેલું અધમ કામ છે. ત્યાગમાર્ગ સર્વોત્તમ છે, એમાં તો કોઇનો પણ મતભેદ ન હોય. સંન્યાસનો માર્ગ સર્વોત્તમ છે અને દુનિયાભરમાં એકી અવાજે ઉચ્ચ-પરમોચ્ચ મનાયો છે, એમાં શક નથી. પણ એ જેટલો મહાન્ છે તેટલો જ દુષ્કર પણ છે એ ન ભૂલવું જોઇએ. એ એવું કંઇ રમકડું નથી કે ચપ દઇને બાળકના હાથમાં કે જેના-તેના હાથમાં આપી દેવાય. એ મહાન્ રસાયણ છે. નાલાયકના હાથમાં જાય તો તેના ડુચા કાઢી નાંખે-તેને ધરતીભેગો કરી નાંખે. બહુ વિચાર કરીને તેનો પ્રયોગ કરવાનો છે. ભલે એના અધિકારી થોડા નિકળે એની હરકત નહિ, પણ નાલાયકના હાથમાં જઇને તેની ફજેતી ન થાય એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. કોઈ ધર્મ ન પામે એની હરકત નહિ, પણ ધર્મના ભવાડા થઇને કોઈ અધર્મ ન પામે અને ધર્મની હાંસી ન કરી બેસાય એનો ખ્યાલ તો અવશ્ય રાખવો જોઇએ.

ઓઘો સસ્તો કરવાની ધૂન તે કેટલે લગી ? રસ્તે ચાલતો હાલી-મવાલી પણ જો ધારે તો ઘડીના છઠ્ઠે ભાગે ઓઘો ઉઠાવીને વાણિયાનો ગુરૂ બની બેસી શકે છે. જે ધર્મધ્વજનું પૂર્વકાળમાં ગૌરવભર્યું માન

હતું તેનું આજે જાણે **લીલામ** ન થઇ રહ્યું હોય ! એવું શોચનીય ફારસ ભજવાય છે. હાય ! આ અનેકાન્ત ? અનેકાન્ત તો એ કે જેમાં **અનેકનો અન્ત** આવે. અર્થાત્ આત્મા અને મોહ એ **દ્વૈત**–યોગનો અન્ત આવે અને આત્મા **અદ્વૈત**–શુદ્ધ સ્વરૂપે પ્રગટે એ અનેકાન્ત ! અનેકાન્તની લાઇન એટલે સામ્ય-જીવન. ત્યાં જાતિભેદને પણ સ્થાન ન હોય. **આત્મ-વિકાસમાં ચઢે તે ઉચ્ચ અને પડે તે નીચ.** મહાવીરના લક્ષાવધિ વ્રતધારી શ્રાવકોમાં સર્વોત્કૃષ્ટ ગણાતા દશ શ્રાવકો કોણ હતા ? એમાં કોઇ ઓસવાલ, પોરવાડ કે વીશા–દશા હતા કે ? નહિ જ. કોઇ હતા કણબી, તો કોઇ હતા પટેલ–પાટીદાર, તો કોઇ કુંભાર. અન્ત્યજો અને ચાંડાલો પણ મહા-વીરનાં ચરણોનું શરણ લઈને પોતાનો આત્મવિકાસ સાધી ગયા છે. સત્યના માર્ગે ચાલનાર ભંગી ઉંચ છે અને અસત્યના રસ્તે ચાલનાર બ્રાહ્મણ કે શ્રાવક પણ નીચ છે. ખરો જૈન કોઇ પણ હોઈ શકે. “ જૈન કોમ ” ની બહારનો માણસ પણ, “જૈન સમ્પ્રદાય”-ની બહારનો માણસ પણ અને “ જૈન સમ્પ્રદાય ”-ની સામ્પ્રદાયિક ક્રિયા અને આચાર–વ્યવહાર–પદ્ધતિ–વિહોણો માણસ પણ જૈન ( ખરો જૈન ) હોઇ શકે. એટલે જૈનત્વ, કોમમાં કે સમ્પ્રદાયમાં સમાયું નથી. રાગ–દ્વેષને જીતવાનો અભ્યાસ કરે તે જૈન. જેમાં

શુદ્ધ જિજ્ઞાસુ દૃષ્ટિ હોય, જે ગુણનો પૂજારી હોય, જેના જીવનમાં અહિંસાનો નિવાસ હોય અને જે સત્યનો ઉપાસક હોય તે કોઈ પણ મુમુક્ષુ, જૈન છે. આમ "સમ્પ્રદાય" બહારના પણ વાસ્તવિક જૈનત્વના પંથે ખરા જૈન બનીને પોતાનું આત્મકલ્યાણ સાધે છે.

અનેકાન્તદર્શી મહાવીરે જૈનત્વ–વિકાસની ભૂમિકાનું નિરૂપણ કરતાં સાધુ-ધર્મ અને ગૃહસ્થ-ધર્મ એમ દ્વિવિધ ધર્મ ફરમાવ્યો છે. મહાત્માનું અનેકાન્તદર્શન જેમ સાધુ–જીવનનો ઉપદેશ કરે છે, તેમ ગૃહસ્થધર્મનો પણ ઉપદેશ કરે છે.સાધુ ત્યાગનો જ ઉપદેશ કરે એ સાચી વાત છે. પણ ત્યાગ એ સાપેક્ષ શબ્દ છે. એટલે ત્યાગ કોનો ? ધર્મનો કે અધર્મનો ? પુણ્યનો કે પાપનો ? સદાચરણનો કે દુરાચરણનો ? પહેલા–પહેલાનો ત્યાગ કરવાનું કહેનાર શયતાન છે, જ્યારે બીજા–બીજાનો ત્યાગ કરવાનું સાધુ ઉપદેશે એ તો ખુલ્લું જ છે. આમાં ભલા કોનો મતભેદ હોય ! ગૃહસ્થાશ્રમની નીતિ–રીતિ અને નિયમ–પદ્ધતિ તથા વ્યવહાર–પ્રણાલીનો ઉપદેશ કરનારા સાધુઓ વાસ્તવમાં તે **આશ્રમમાં ભરાઈ રહેલી બદીનો જ ત્યાગ કરવાનો** ઉપદેશ કરે છે. મતલબ કે, ત્યાગનો ઉપદેશ ત્યાગીઓ બે રીતે કરેઃ સાધુ–જીવનને અનુકૂળ અને ગૃહસ્થ–જીવનને અનુકૂળ. **કેવળ ઓઘાના રાગ અલાપવામાં જ ત્યાગનો**

**ઉપદેશ સમાઇ જતો નથી.** ત્યાગીના ત્યાગનો ઉપદેશ જેમ સંયમ અને વૈરાગ્યભાવનાનું મનોહર ચિત્ર દોરી જનતાના ચિત્તને સાધુજીવન ભણી આકર્ષવા પ્રયત્ન કરે, તેમ ગૃહસ્થધર્મનું પણ સચોટ પ્રતિપાદન કરી ગૃહસ્થ-જીવનને પ્રગતિના પંથે દોરવા યત્નશીલ હોય. મુનિવરોનું પરોપકારમય જીવન-સદુપદેશક જીવન, ગૃહસ્થ-સંસાર પર પણ સુન્દર પ્રકાશ નાંખે. ગૃહસ્થોની આચાર-નીતિ ત્યાગી મુનિવરો નહિ સમજાવે તો સંસારલિપ્ત ગૃહસ્થોનું કોણ સાંભળે તેમ હતું ? ગૃહસ્થાશ્રમમાં ઘુસેલા સડાઓનો નિર્દેશ કરી તેને ઉખેડી ફેંકી દેવા બાબત પ્રેરણા કરવી એ ત્યાગી મુનિરાજોનું મહત્ કર્ત્તવ્ય છે. એ સંબંધી તેમનો ઉપદેશ એ ત્યાગમય જ ઉપદેશ છે. લગ્નસંસ્થાનું શ્રીહરિભદ્રાચાર્ય, મુનિચન્દ્રાચાર્ય કે હેમચન્દ્રાચાર્યની જેમ નિરૂપણ કરી શુદ્ધ લગ્નપદ્ધતિ પ્રબોધવામાં અને તેમાં પેસી ગએલા અનાચારોને દફનાવી દેવાની ભલામણ કરવામાં ત્યાગનો જ ઉપદેશ સમાયો છે. આરોગ્યના નિયમો પર જનતાનું ધ્યાન ખેંચી (હરિભદ્રાચાર્યે અને મુનિચન્દ્રાચાર્યે ખેંચ્યું છે તેમ), શક્તિવિકાસના ઉપયોગી સાધન તરીકે વ્યાયામનું સ્પષ્ટીકરણ કરી નિર્બળતા અને કાયરતાને

ખંખેરી નાખવાનું ઉદ્‌ઘોષવામાં ત્યાગનો જ ઉપદેશ સમાયો છે. સમાજમાં યોગ્ય શિક્ષણનો પ્રચાર કરી અજ્ઞાન–અન્ધકારને દૂર કરવાનું અને ધર્મ તથા સમાજની પ્રતિષ્ઠા વધારવાનું ઉપદેશવામાં ત્યાગનો જ ઉપદેશ સમાયો છે. આ પ્રકારના બધા ઉપદેશ ત્યાગ પરત્વે છે. એ પ્રકારના ઉપદેશ ત્યાગીઓએ જરૂર કરવા જોઇએ. એ પ્રકારના ઉપદેશ રાષ્ટ્રીય કે સામાજિક સંસ્થાઓમાં ભરાઇ ગયેલ કાદવ કે મેલને દૂર કરવા પરત્વે છે; પાપવાસનાઓ તથા વિષમતા-જનિત કલહો અને અશાન્તિનાં દર્દોને શમાવવા પરત્વે છે; અને અજ્ઞાનતા તથા નિર્બળતાને હાંકી કહાડવા પરત્વે છે. આમ પ્રેરણાદાયક અને બલવર્ધક ઉપદેશ ત્યાગીઓના મુખથી જેટલા અસરકારક થાય, તેટલા બીજાના મુખથી ન થાય. આવા ઉપદેશો દ્વારા ત્યાગીઓ દેશનું, સમાજનું અને ધર્મનું જેટલું ભલું કરી શકે, તેટલું બીજાઓ ન કરી શકે. સુતરાં, ત્યાગીઓ દ્વારા તેવા ઉપદેશ થવામાં શાસનની સુંદરમાં સુંદર સેવા અને ધર્મનો મહાન્ ઉદ્યોત સમાયલો છે.

અનેકાન્તદર્શી હોય તે બીજાના વિચારોને પોતાના વિચારોથી વિરુદ્ધ જતા જોઇ ન ઉશ્કેરાય. એમ ઉશ્કેરાઈ જવું એ હૃદયની નિર્બળતા છે. કોઇના

સિદ્ધાન્ત સાથે સહમત થવાનું ન બની શકે, તો તે સિદ્ધાન્ત ઉપર તેની સાથે સભ્યતાથી વાદ–પ્રતિવાદ ન કરતાં, ઉન્મત્તતાથી ચિઢાઇ સ્હામે અફળાવું અને ઝઘડવું એ સભ્યતાની દુનિયામાંથી ભાગવા બરાબર છે.

સંસારમાં મતભેદોનું પ્રચલન આજનું નથી, પણ અનાદિથી છે. સર્વજ્ઞોના સમયમાં પણ જગત્‌માં મતભેદોનું પૂર જોશબંધ વહ્યા કરતું હતું. દુનિયા-ભરમાં એક મતની સ્થાપના કોઈ કાળે થઈ નથી અને કદી થઇ શકેજ નહિ. જગત્‌નો અર્થજ વિભિન્ન અને વિચિત્ર વૃત્તિઓનો સમૂહ.

સર્વજ્ઞ ભગવાન્‌ના પટ્ટધર મહાન્ પ્રવચનધર મહાત્માઓ પણ મતભેદોથી ખાલી નથી રહ્યા. ઉદાહરણાર્થ, કેવલજ્ઞાન–દર્શનના સંબંધમાં શ્રી-જિનભદ્રગણિજી ક્રમવાદના, શ્રીમલ્લવાદી યુગપદ્‌વાદના અને શ્રીસિદ્ધસેનદિવાકર અભેદવાદના હિમાયતી છે. અને એ મતત્રયનાં પારાયણ શાસ્ત્રોમાં ખૂબ ચાલ્યાં છે. નજીકના ટાઇમની વાત કરીએ તો શ્રીહીરવિજય સૂરિજીના સમયમાં મતભેદોની પરમ્પરા ક્યાં ઓછી ફાટી નિકળી હતી ? એક બાજુ ધર્મસાગરજી અને તેમની પરમ્પરા અને બીજી બાજુ ભાવવિજયજી, વિનયવિજયજી વગેરે એમની વચ્ચે વિચારભેદોની અથડામણ કેટલી હતી !

અનેકાન્તનો પૂજારી હંમેશાં સત્યનો જિજ્ઞાસુજ હોય એટલે સામ્પ્રદાયિક દુર્મોહ અને મત-દુરાગ્રહ તેનામાં હોયજ શાના ? જે કોઇમાં એ દોષો હોય તેણે તે છાંડવાજ જોઇએ અને પોતાની મધ્યસ્થવૃત્તિને ખૂબ કેળવવી જોઇએ અને શુદ્ધ વિચારદૃષ્ટિથી પોતાના મન્તવ્યનો પરામર્શ કરતાં તેમાં પોતાની ભૂલ જણાય તો તેનો ત્યાગ કરવામાં સંકોચ ન રાખતાં બીજાની ખરી જણાતી વાત કબૂલ કરવામાં હર્ષ અનુભવાવો જોઇએ. સરલવૃત્તિ અને ગુણગ્રાહકતાનો ગુણ એ આત્મવિકાસની પ્રથમ ભૂમિકા છે. આત્માના નૈતિક બળની એ ઝળહળતી જ્યોત છે.

છેવટે, હાલની સ્થિતિ પર ગુરૂદેવોને વિનવીએ કે, મતભેદો હોવા છતાં પરસ્પર ઉદાર વ્યવહાર રાખી સંગઠન-બળમાં વિચ્છેદ ન પડવા દેવામાં જ તેમના સાધુત્વની ખરી કિમ્મત છે. મતભેદ છતાં મૈત્રી રાખી શકવાનું વિશાળ સૂત્ર સમજવામાં જેટલી ઢીલ થાય છે તેટલી જ હરકત છે. મતભેદ છતાં પરસ્પર મેળ રાખી કામ કરવાનું ડહાપણ જે દિવસે ગુરૂદેવો દાખવશે, તે ધન્ય દિવસે સમાજ પોતાને ખરા તારણહાર મળ્યાનો વિપુલ આનન્દ અનુભવશે, અને તે પુનિત ઘડીથી શાસનની જ્યોત ફરી ઝગમગવા માંડશે.

અન્તમાં, ભગવાન્ મહાવીર દેવના અનેકાન્ત-દર્શનનો મહામુદ્રાલેખ પણ હૃદય-પટ પર અંકિત કરી લઇએ:—

" मित्ती मे सव्वभूएसु
वेरं मज्झं न केणइ " ।

આ મહામન્ત્રનો પૂજારી ધર્મભેદ કે વિચાર-ભેદના કારણે કોઇ સાથે વૈર-વિરોધ કરે કે? કદિ નહિ. જ્યાં તમામ જગત્‌ના સર્વ જીવો સાથે મૈત્રી-ભાવ રાખવાનું ફરમાન હોય, ત્યાં વિરૂદ્ધ મતવાદીઓ સાથે વૈર-વિરોધ રાખવાનો હોય કે? અરે! અધર્મી કે વિધર્મી ઉપર પણ ભગવાન્ માધ્યસ્થ્યભાવ રાખવાનું ફરમાવે છે. જુઓ, હેમચન્દ્ર શું વદે છે:

"क्रूरकर्मसु निःशङ्कं देवता-गुरुनिन्दिषु ।
आत्मशंसिसु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम् ॥"

( યોગશાસ્ત્ર )

અનેકાન્ત-દર્શનનો આ દુન્દુભિનાદ ગુરૂઓના કાને, સંઘના સરદારોના કાને, ઉત્સાહી વીર-યુવકોના કાને પડે એમ ઇચ્છીએ. મહાવીર ભગવાન્‌ની ખરી **જયન્તી** એ નાદમાંથી નિકળતા મહાન્

સન્દેશને હૃદયંગમ કરવામાં જ છે. અને ત્યારે જ જૈન સંઘ પોતાને વારસામાં મળેલા ભગવાન્ મહાવીરના મહાન્ સિદ્ધાન્તોનો જગતમાં ફેલાવો કરવા અને એ રીતે શાસનની મહાન્ સેવા બજાવવા ભાગ્યશાલી થઇ શકશે. તથાસ્તુ !

જે માણસ, જગત્‌ના પ્રાણી જે પોતાના ભાઈ છે અને જેને પોતે જુએ છે તેને નથી ચાહતો, તે, ઈશ્વરને, કે જેને તેણે જોયો નથી, શું ચાહવાનો હતો !